
॥ હરિઃ ૐ ॥



પૂજ્ય શ્રીમોટા વિરચિત

# ભાવકણિકા

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# ભાવકણિકા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

❑ © હરિઃૐ આશ્રમ, સુરત-નડિયાદ

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૪ | ૧૨૫૦ |
| દ્વિતીય | ૧૯૯૩ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૦૫ | ૧૦૦૦ |

❑ **પૃષ્ઠ :** ૨૨ + ૭૪ = ૯૬

❑ કિંમત : **રૂ. ૫**/-
❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૮૪૦૪૪૪૩

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ **ટાઈપસેટિંગ :**
**અર્થ કૉમ્પ્યૂટર**
અમદાવાદ - ૩૮૦ ૦૧૪, ફોન : (૦૭૯)૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા દ્વારા સ્થાપિત
હરિઃૐ આશ્રમ, સુરતની અને સવિશેષ રીતે
મૌનમંદિરમાં અનુષ્ઠાન કરનાર સાધકોની
સમયબદ્ધ રીતે અને પૂરા ઉત્સાહથી
તેમ જ ભક્તિભાવે વિવિધ
સેવાઓ આપી રહેલા આશ્રમના સેવકો

**(૧) શ્રી ભીખાભાઈ મોહનભાઈ રાઠોડ**
**(મુ. માંડવી, તા. માંડવી),**
**(૨) શ્રી લાલજીભાઈ દૂરસિંહભાઈ ચોધરી**
**(મુ. પુના, તા. માંડવી)**
**અને**
**(૩) શ્રી હસમુખભાઈ કમળભાઈ ચોધરી**
**(મુ. પુના, તા. માંડવી)**

આ સર્વેને શ્રીમોટા રચિત **'ભાવકણિકા'**ની આ ત્રીજી આવૃત્તિ સમર્પિત કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૪-૧-૨૦૦૫
(મકરસંક્રાંતિ)

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સમર્પણાંજલિ (ત્રીજી આવૃત્તિ) | ૩ |
| ૨. | સમર્પણાંજલિ (પ્રથમ આવૃત્તિ) | ૫ |
| ૩. | લેખકના બે બોલ (પ્રથમ આવૃત્તિ) | ૬ |
| ૪. | સંપાદકના બે બોલ (પ્રથમ આવૃત્તિ) | ૮ |
| ૫. | નિવેદન (પ્રથમ આવૃત્તિ) | ૧૧ |
| -૬. | નિવેદન (બીજી આવૃત્તિ) | ૧૩ |
| ૭. | 'શ્રીહરિકીર્તનનો પ્રસાદ' (બીજી આવૃત્તિ) | ૧૪ |
| ૮. | અમારે કહેવાનું કે- (બીજી આવૃત્તિ) | ૧૭ |
| ૯. | નિવેદન (ત્રીજી આવૃત્તિ) | ૧૯ |
| ૧૦. | સુવાક્ય | ૨૦ |

• • •

| | | |
|---|---|---|
| ખંડ ૧ | કર્મ અને સંસાર | ૧-૧૬ |
| ખંડ ૨ | સાધક | ૧૭-૩૭ |
| ખંડ ૩ | અનુભવી | ૩૮-૫૮ |
| ખંડ ૪ | ભાવ અને ભગવાન | ૫૯-૭૨ |
| | આરતી | ૭૩ |
| | પુસ્તકોની યાદી | ૭૪ |

॥ હરિઃૐ ॥

# શ્રી નાગજીભાઈ રામદાસ પટેલ (વડોદરા)ને સપ્રેમ સમર્પણાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

*(અનુષ્ટુપ)*

તેડાવ્યા વિણ આવ્યા છો આશ્રમે ભાવ ધારીને,
ને એમ આવતાં કેવી જામી છે ભાવના હ્રદે ! ૧

પરસ્પરે હ્રદે કેવો સંબંધ જીવતો થયો !
જન્મોજન્મ તણો જાણે સંબંધ ફરીથી મળ્યો. ૨

ભાવના દિલની જોઈ, રાજીપો મનમાં થયો,
કેવી ભેટ દીધેલી છે મને તમારી દિલ તો ! ૩

શાં કેટકેટલાં કર્મે ખપ લાગ્યા કર્યા મને !
માનવો પા'ડ શી રીતે, નિજના જ્યાં થયેલ જે ! ૪

ઉત્કટ વેદના વિશે ઊંહકારોય એકયે
-ઉચ્ચાર્યો ના ભૂલેચૂકે, જોયેલું તે હકીકતે. ૫

સંપૂર્ણ શાંતિથી કેવી વેદનાને સહેલ છે !
અકળાયા છતાં ના કૈં, કેવા સ્વસ્થ તે સમે ! ૬

ખમીર દિલનું કેવું કૃપાથી તે જણાયું છે !
ખુમારી નમ્રતા સાથે કેવી તે પરખાઈ છે ! ૭

એવા તે સ્નેહીને સાવ ભિખારી અર્પી શું શકું ?
જેવી તેવી છતાં હું આ સમર્પણાંજલિ ધરું. ૮

હરિઃૐ આશ્રમ, સુરત **-મોટા**
તા. ૧૫-૮-૧૯૭૪

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

મારા શરીરને અનેક પીડાકારી રોગો હોવા છતાં કર્મયજ્ઞ આચરતાં આચરતાં આ જે જોડકણાં મારાથી લખાય છે, એ મારે મન શ્રીહરિના ભાવની પ્રત્યક્ષ પ્રસાદી છે. આ પુસ્તકમાંની કણિકાઓ કશા પણ વિચાર વિના સહજમેળે જ લખાઈ છે. એમાં રહેલો વિચાર એ કોઈ તુક્કો કે કલ્પના નથી, પણ આ જીવનમાં એ બધું ભાવપૂર્વક જિવાયું છે, એનો અનુભવ આલેખાયો છે. શ્રેયાર્થી આ કણિકાના વાચન-મનનથી એની યથાર્થતાને સ્વીકારે એવી મારી પ્રાર્થના છે.

જીવનવિકાસની ભાવનાવાળા શ્રેયાર્થીનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સંસાર પરત્વે અને કર્મ આચરવા પરત્વે કેવાં હોવાં જોઈએ એનો આ જોડકણાંમાં સ્પષ્ટ નિર્દેશ છે. આજે આપણો સમાજ ઘોર તમસમાં પડેલો છે. અને બ્રહ્મ, બ્રહ્માનંદ અને ઈશ્વર વિશે યદ્વાતદ્વા વાતો કરીને નર્યો દંભ જ છતો કરે છે. હરિની ભાવનામાં જીવવા કાજે ધગધગતી તમન્ના અને જિજ્ઞાસા હોવી ઘટે. એટલું જ નહિ પણ સાધનાના અભ્યાસમાં નિરંતરતા પ્રગટાવવા કાજેનો અવિરત ખંતભર્યો પુરુષાર્થ હોવો ઘટે. જ્યાં લગી રાગદ્વેષ અને કામક્રોધાદિ મોળા પડે નહિ ત્યાં લગી જીવનના વિકાસની દિશામાં ગતિ થઈ શકે નહિ.

સંસાર તો શ્રીહરિનું વ્યક્તવ્ય છે. એવી સંસાર પરત્વેની જ્ઞાનભક્તિપૂર્વકની દૃષ્ટિ કેળવીને પ્રાકૃતિક વલણોને મોળાં પાડવાં અને એનાથી પર તરવાનો અભ્યાસ કેળવવો એ સંસારનો હેતુ છે. શ્રેયાર્થીએ કર્મ પણ સાધનાની ભાવનાથી આચરવાનાં હોય છે. સકળ કર્મો પ્રભુપ્રીત્યર્થે આચરીને એ શ્રીપ્રભુને ચરણે ધરવાનાં હોય છે. સંસાર અને કર્મ એકબીજાં સાથે સંકળાયેલાં છે. કર્મથી સંસાર નભે છે. આથી, કર્મ પરત્વે ઉદાસીનતા કે પ્રમાદ તો રખાય જ નહિ. મેં મારા જીવનમાં કર્મને સાધનાના ભાવથી દિલની પૂરી

મસ્તીથી આચર્યાં છે. સંસારમાં કર્મનું મહત્ત્વ કર્મ આચરવા પાછળની ભાવનાને લીધે છે. શ્રેયાર્થીએ તો વૃત્તિઓના વેગને મોળો પાડવા અને એનાથી તટસ્થ રહેવાના હેતુથી કર્મ આચરવાનાં છે. કર્મને યદ્વાતદ્વા કે ઊડઝૂડિયા રીતે કરવાનાં ન હોય, પરંતુ દિલના પૂરા ઉમળકાથી પ્રેમભક્તિયુક્ત આચરવાનાં હોય. આમ થાય તો જ જીવનનો ઉઠાવ થઈ શકે. 'ભાવકણિકા'ના પહેલા ખંડમાં આ અંગે જે લખાયું છે એનું મનન-ચિંતવન શ્રેયાર્થીને સંસાર અને કર્મના યથાર્થ સ્વરૂપને સમજવામાં સહાયભૂત થશે.

વળી, જીવનનો સાધક પોતાનાં સાધન નિરંતર અને અખંડાકાર કરવાને સતત મથતો હોય છે. એ પોતાના ઉમળકાભર્યા પુરુષાર્થથી ઊર્ધ્વજીવન માટે ભૂમિકા રચ્યા કરતો હોય છે. સતત જાગૃતિ અને સભાનતાથી શ્રીહરિના સ્મરણમાં રચ્યોપચ્યો રહે છે. એને મન તો-

**જીવનમાં હરિનામ આનંદોત્સવ ભવ્ય છે,**
**ભક્તના દિલનો લ્હાવો કેવો તે મસ્ત હોય છે !**
**હરિનું નામ તો તેને અમૃતદરિયો જ છે,**
**એના જીવનનો કેવો ઉદ્ધાર, હરિનામ છે ! (પૃ. ૨૪)**

હરિસ્મરણથી હરિચરણમાં પોતાના ચિત્તને ઓગાળવા કઠણ તપશ્ચર્યા કરતો કરતો સાધક કેવી કેવી મથામણો, કેવા કેવા સંગ્રામો ખેલે છે. એનો ઈશારો પણ આ ચોપડીનાં જોડકણાંમાં છે.

'જીવન-અનુભવ-ગીત' એ શ્રેણીનાં ગઝલનાં પુસ્તકોમાં મારા સાધનામય જીવનનો ઈતિહાસ છુપાયો છે-તો અનુષ્ટુપ છંદમાં લખાયેલાં આ જોડકણાંમાં શ્રીહરિના કીર્તનનો પ્રસાદ છંટકાવરૂપે વ્યક્ત થયો છે. આમાં પણ મેં કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર છે. જોકે મેં તો સ્પષ્ટ જ લખ્યું છે કે-

**માત્ર આ કલ્પનાથી મેં કશું નથી લખ્યું જરા,**
**જે રીતે હું જીવેલો છું, ને જેવાં સાધનો થયાં;**
**ને મેં અનુભવ્યું જેમ, ને પામ્યો સાર જે હૃદે,**
**તે પ્રમાણે લખેલું આ, અક્ષરશઃ જ સાચું છે. (પૃ. ૫૩)**

હરિઃૐ આશ્રમ, સુરત **- મોટા**

૧૫મી ઑગસ્ટ, ૧૯૭૪

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું આ ૬૪મું પુસ્તક મા ગુર્જરીને ચરણે ધરતાં આનંદ થાય છે. આટલું બધું સાહિત્ય અને તે માત્ર એક જ વિષયની, સાધનાની છણાવટ કરતું સાહિત્ય એમના શબ્દોમાં કહીએ તો 'વિરલ વીર' તરફથી જ સર્જાય અને જનતા જનાર્દનને ચરણે અર્પણ થાય.

આ સાહિત્યમાંયે ગદ્ય અને પદ્ય લગભગ સરખે ભાગે વહેંચાય છે, એ પણ પૂજ્ય શ્રીમોટાની લાક્ષણિકતા છે. સાધારણ ગુજરાતીને ગદ્યસાહિત્ય, એનો વિશેષ પરિચય હોવાથી કદાચ વધારે ફાવતું હોય, તોપણ પૂજ્ય શ્રીમોટાનું હૃદય તો વિશેષપણે પદ્યસાહિત્યમાં પ્રગટ થાય છે અને જેમાં હૃદય વિશેષપણે પ્રગટ થાય તે જ સાહિત્ય જીવનનો ઉઠાવ વધારે કરી શકે.

જેને 'શીઘ્ર કવિત્વ' કહી શકાય એટલા વેગથી પૂજ્ય શ્રીમોટા પોતાના હૃદયના ઉદ્‌ગારો પદ્યમાં પ્રગટ કરી શકે છે, એ એમની પાસે રહેનાર હરકોઈનો, આજનો નહિ, પણ ઘણા કાળનો અનુભવ છે. આ પુસ્તક એવી રીતે હૃદયના ઉદ્‌ગારો જ છે.

સામાન્ય માનવીના હૃદયના ઉદ્‌ગાર, કોઈ સિદ્ધહસ્ત લેખકના હૃદયના ઉદ્‌ગાર અને સંતપુરુષના હૃદયના ઉદ્‌ગાર એ ત્રણેમાં આસમાન જમીનના ફેરફારનો ક્રમ છે. પહેલાના એટલે કે સામાન્ય માનવીના ઉદ્‌ગારમાં, હૃદયમાં રાગદ્વેષ ભરેલા હોય અને તેથી, તેના સાહિત્યમાં પણ કદાચ તેવું જ પ્રગટ થાય, માટે તે સાહિત્ય છેક ગૌણ ગણાય. બીજાના એટલે કે સિદ્ધહસ્ત લેખકના હૃદયના ઉદ્‌ગારમાં તે કવિ હોવાને લીધે સત્યનાં કદી કદી દર્શન પણ થાય, કંઈ નહિ તો ઝાંખી થાય, પણ ત્રીજાના એટલે કે સંતપુરુષના હૃદયના ઉદ્‌ગારમાં તો

અનુભવનો જ પ્રકાશ પ્રગટેલો હોય. એટલે તેવું પુસ્તક પ્રગટ થવામાં ભાગ લેનાર ધન્યભાગી બને છે.

આ પુસ્તક પણ 'અનુભવીની વાણી' છે એમ હવે જણાવવાની ભાગ્યે જ જરૂર ગણાય. અનુભવીની વાણી પ્રજાહૃદય ઉપર જેટલી ઊંડી અસર કરે છે, તેટલી કોઈ બીજી વાણી કરતી નથી, કરી શકે પણ નહિ. નરસિંહ-મીરાંનાં ભજનોની ચાલુ રહેલી લોકપ્રિયતા એનો પુરાવો છે. ૬૦ પુસ્તકો જેનાં પ્રસિદ્ધ થયાં હોય, એ ૬૦માંથી બીજી ત્રીજી આવૃત્તિઓ પણ થઈ હોય અને બાકીનાં વેચાઈ જવાથી હાલ મળી શકતાં ન હોય એટલી હકીકત તરફ આંગળી ચીંધવી એ આ બાબતમાં પૂરતી છે.

જેને પદ્યસાહિત્યમાં શરૂઆતમાં ફાવતું નથી, તેઓ પણ થોડીઘણી ટેવ પડતાં તે માણી શકે છે, એવો અનુભવ પણ છે. વળી, પૂજ્ય શ્રીમોટાનું પદ્ય એટલે સાદામાં સાદી ભાષામાં લખાયેલું પદ્ય. સાહિત્યકાર કે કવિ તરીકે કીર્તિ મેળવવાનો હેતુ જ ન હોવાથી અને તેને બદલે એકમાત્ર હેતુ આમજનતાનું જીવન ઊંચું થાય એવી જાતની સેવા કરવાનો હોવાથી પૂજ્ય શ્રીમોટાનું બધું સાહિત્ય સાદામાં સાદી જ ભાષામાં અનુભવનો પ્રકાશ પાડે છે અને એ જ કુદરતી તથા યોગ્ય છે. આથી, આ પુસ્તક આમજનતા-થોડું ભણેલી પણ વિશાળ સંખ્યાની જનતા-આગળ મૂકતાં કશો પણ સંકોચ થવાને બદલે ઊલટો આનંદ જ થાય છે.

આ પુસ્તક એમનાં એક જ ઘાટીનાં પ્રગટ થનારાં પાંચ પુસ્તકોમાંનું પહેલું છે. નિમિત્ત મળ્યા વિના તેઓ લખતા નથી. અને લખવાનું પણ ત્યારે જ શરૂ કરે છે કે જ્યારે પુસ્તકના પ્રકાશન માટેની બધી જ જરૂરિયાતો અગાઉથી પૂરી પાડવાની ભૂમિકા તૈયાર થઈ હોય. આ વખતે કોઈએ એમને અજબ રીતે નિમિત્ત આપ્યું. એમનાં પુસ્તકોમાંથી કેટલાંક મુક્તકોનું સુશોભન કરી એના ફોટા પડાવ્યા

અને એ રીતે આવાં મુક્તકોની સુયોગ્યતા બતાવી. તે ઉપરથી તેઓશ્રીનું પહેલું પુસ્તક 'ભાવકણિકા' પ્રગટ થાય છે. મૌક્તિક અને કણિકા બંને શબ્દો ઉપરથી જ સમજાય છે કે આમાં લાંબાં કાવ્યો નથી કે નથી વિચારોની પરંપરા. આમાં તો એક જ વિચાર સાધારણ રીતે ચાર અને કદી કદી છ કે આઠ લીટીમાં પ્રગટ થયેલો છે. એટલે જ એને અનુભવનો નિચોડ એ શબ્દોથી નવાજવાનું યોગ્ય છે.

આમાં કેટલીકવાર એકનું એક ફરી ફરીને આવતું લાગે. એમ હોય તોપણ એમાં પૂરેપૂરી યોગ્યતા છે. એક સાદા ભોળા સંતે કહેલું કે ભગવાનના માર્ગે જવું હોય તો જીવનમાં, આચરણમાં વણાઈ જવા માટે એક એક સદ્‌વિચારને વાગોળવાની ખાસ જરૂર છે. જીવન-સાધનાના પંથે થોડો પણ અનુભવ હશે તે આ સંતની વાણીને ટેકો જ આપશે, પણ આ કણિકાઓનો જરા વધારે ઊંડો અભ્યાસ થતાં એવા વાચકને પણ આ કણિકાઓ ઘણીવાર એક મૂળ વિચારને જુદાં જુદાં સ્વરૂપે અને જુદાં જુદાં પાસાંમાં રજૂ કરે છે અને એ રીતે એના પ્રકાશનમાં વિવિધતા આણે છે, એમ પણ લાગવાનો પૂરો સંભવ છે. આમ, વિવિધતા અને એકતા એટલે કે એક સદ્‌વિચારનો વારંવાર અભ્યાસ એ બંને હેતુ આમાં સધાય છે.

બાકી તો શું ? સાહિત્યના રસાસ્વાદ તરીકે આવાં પુસ્તકો વાંચવાનાં હોય જ નહિ. એ પુસ્તકોનો એક જ હેતુ ચેતનનો પ્રકાશ વાંચનારમાં વધતો જાય એ હોવાથી એ દૃષ્ટિએ વાંચીને આ પુસ્તકમાંથી 'સાહિત્યનો રસાસ્વાદ' નહિ, પણ અનુભવનો રસાસ્વાદ માણવાની વાંચનારને વિનંતી છે. સંપાદક પોતે પણ ઉપરની ભલામણ પોતાના જીવનમાં ઊતરે એવા પ્રાર્થનાભાવ સાથે અહીં જ અટકે છે.

ડભાણ, **ચંદુલાલ મણિલાલ પટેલ**

તા. ૧૫-૮-૧૯૭૪

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત 'ભાવકણિકા' પ્રગટ કરતાં આનંદ થાય છે. અનુષ્ટુપ છંદમાં સાધનામય જીવન માટે પ્રેરક અને ઉપકારક વિચાર-ભાવ આ પ્રત્યેક કણિકામાં છે. પ્રત્યેક કણિકા સ્વતંત્ર રીતે પણ ચિંત્ય છે. તદ્દુપરાંત સળંગ વાંચતાં એકસૂત્રતાનો આસ્વાદ પણ કરી શકાય છે. પૂજ્ય શ્રીમોટા વિરચિત 'જીવન અનુભવ ગીત'ની શ્રેણીમાં જે પુસ્તકો લખાયાં છે એમાં ગઝલગીતો છે-જ્યારે આ ભાવ શ્રેણીમાં અનુષ્ટુપમાં રચાયેલી સહજ ઉક્તિઓ છે. પૂજ્ય શ્રીમોટાનાં અન્ય પુસ્તકોની જેમ આ પુસ્તકને પણ જિજ્ઞાસુઓ ખરીદીને વાંચશે એવી અમને શ્રદ્ધા છે.

આ પુસ્તકની છપામણીનો ખર્ચ અમને શ્રીમતી શાંતાબહેન મગનભાઈ પટેલ તરફથી મળ્યો છે. એમના આવા ઉદારતાભર્યા સદ્‌ભાવ બદલ અમે આભારી છીએ. આ પુસ્તકના શ્લોકોને ચારે ખંડમાં વિભાજિત કરીને યથાયોગ્ય ક્રમમાં ગોઠવી આપવાનું કામ શ્રી હેમંતકુમાર નીલકંઠે કરી આપ્યું છે. તેઓશ્રી આશ્રમનું અંગ હોવાથી આભારદર્શનનો ઉપચાર ન કરતાં એમના આવા સદ્‌ભાવભર્યા સહકારની અમે દિલથી કદર કરીએ છીએ.

આ બધા શ્લોકોની સ્વચ્છ સારા અક્ષરોથી પથારીવશ સ્થિતિમાં હોઈને પણ પ્રેસ માટેની કૉપી તૈયાર કરી આપવા માટે શ્રી નાગજીભાઈ રામદાસ પટેલનો અમે ઘણો ઘણો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોને આકર્ષક, શુદ્ધ અને કલાત્મક રીતે છાપી આપવા બદલ એલેમ્બિક પ્રેસનો આભાર માનીએ છીએ.

આ ‘ભાવકણિકા’ને પ્રેસ કોપી માટેની સુયોગ્ય સંપૂર્ણ વ્યવસ્થા થવામાં પ્રા. શ્રી રમેશભાઈ ભટ્ટે જે પ્રેમભાવે મદદ કરી છે, તે માટે તેમનો ખરા હૃદયથી આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોની વેચાણની સંપૂર્ણ આવક લોકકલ્યાણનાં કામોમાં જ ખર્ચાય છે. આથી, સર્વ કોઈને આ પુસ્તકો ખરીદીને વાંચવા વિનંતી છે. તેમ જ આ પુસ્તકો અન્ય મિત્રો, સ્નેહીઓ, સ્વજનોને વેચી આપીને પૂજ્ય શ્રીમોટાના લોક-કલ્યાણયજ્ઞમાં સહાય કરવા વિનંતી છે.

સુરત, **નંદુભાઈ**

તા. ૧૫-૮-૧૯૭૪ વ્યવસ્થાપક ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત 'ભાવકણિકા' તથા આ જ શ્રેણીનાં બીજાં ચાર પુસ્તકો એમ કુલ પાંચ પુસ્તકોનું પુનર્મુદ્રણ પ્રગટ કરતાં આનંદ થાય છે. આ પ્રકારનાં પુસ્તકોમાં પૂજ્ય શ્રીમોટાના પરમાત્માનુભવનું હાર્દ સૂચિત હોવાથી એનું ઘણું મૂલ્ય છે.

આ પુસ્તકોની આ નવી આવૃત્તિના પરામર્શક તરીકે ડૉ. રમેશભાઈ ભટ્ટે અમને સહાય કરી છે. પહેલી આવૃત્તિના પ્રકાશનમાં જ્યાં જ્યાં મુદ્રણદોષો હતા એ સુધાર્યા છે અને પાઠ (Text)ને વધુ આધારભૂત બનાવ્યા છે. અમે રમેશભાઈનો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચેય પુસ્તકો સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાએ છાપીને હરિઃૐ આશ્રમને ભેટ આપ્યાં છે. આ બંને યુવાન સંચાલકોએ એમના સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈ પંડ્યાની ઉજ્જ્વળ પરંપરાને જાળવી રાખીને, પૂજ્ય શ્રીમોટા તથા હરિઃૐ આશ્રમ પરત્વે અવિરત ભાવ વ્યક્ત કર્યા કર્યો છે. એમના માટે આભારના શબ્દો તો ઓછા પડે. અમે એમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં ચાહકોને તથા સ્વજનોને અમારી નમ્ર વિનંતી છે કે આવાં પુસ્તકો તેઓ ખરીદીને વાંચે તથા અન્ય મિત્રોને ખરીદવા પ્રેરે. પૂજ્ય શ્રીમોટાએ પ્રસ્થાપિત કરેલી ભાવના પ્રમાણે પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી થતી આવક લોકકલ્યાણનાં કામોમાં જ વપરાય છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **સી. ડી. શાહ**
તા. ૨૧-૪-૧૯૯૩ — વ્યવસ્થાપક ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# ‘શ્રીહરિકીર્તનનો પ્રસાદ’

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં પદ્યપુસ્તકોમાં આ પાંચ પુસ્તકો★ અનોખા છે. ‘જીવનઅનુભવગીત’ તથા એ શ્રેણીનાં પુસ્તકોમાં તેઓશ્રીએ ગઝલરૂપમાં પોતાના સાધનામય જીવનનો ઈતિહાસ વ્યક્ત કર્યો છે. જ્યારે આ પુસ્તકોમાં પોતે કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર આપ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ જીવનની સાધના દરમિયાન અનેક સાધનોનો ઉપયોગ કરેલો. એમાંથી તેઓશ્રીએ માત્ર નામસ્મરણ, પ્રાર્થના, આત્મનિવેદન, સત્સંગ, સન્મુખતા વગેરે જેવાં સાધનો વિશે લખ્યું છે. એ સિવાયનાં સાધનો વિશે ઉલ્લેખ પણ કર્યો નથી. એ સાધનો વિશે ગુપ્તતા રાખવા પાછળનો હેતુ કલ્યાણકારી જ હતો, કેમ કે તેઓશ્રી પરમાત્મરૂપ પામ્યા પછી સંસારમાં સંસારી વેશે વિચર્યા તથા એ રીતે વ્યક્ત થયા. સંસારી રીતરસમમાં જીવતા લોકો પાત્રતા કેળવ્યા વિના ગૂઢ કે સૂક્ષ્મ સાધનનો જો પ્રયોગ પણ કરે તો એવી વ્યક્તિનાં અંતઃકરણોને ભારે નુકસાન પહોંચે. આ નુકસાનમાંથી ઉગારવા જ તેઓશ્રીએ એવાં સાધનો વિશે કશું પણ લખ્યું નથી, પણ જે સાધનો દર્શાવ્યાં છે, એ સાધનોનો ભાવનાથી અભ્યાસ કરીને જો જીવાત્મા વિકસતો જાય તો તેને અન્ય જરૂરી સાધનોની પ્રેરણા મળ્યાં જ કરે એવી ખાતરી પણ તેઓશ્રીએ આપી છે.

આ પુસ્તકોમાં અનુષ્ટુપ છંદમાં પોતાનો અનુભવ ટૂંકમાં અને સચોટ રીતે રજૂ કર્યો છે. આ પાંચેય પુસ્તકોમાં ૪, ૬ કે ૮ લીટીમાં વ્યક્ત થયેલા અનુભવના અણસારને તેઓશ્રીએ શ્રીહરિકીર્તનના પ્રસાદરૂપે ઓળખાવ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ ખૂબ સૂચક રીતે માર્મિક રીતે પોતાના પરમ અનુભવની હકીકત આ શબ્દો દ્વારા વ્યક્ત કરી છે. ભગવાનની કીર્તિ ગાવી એનું નામ કીર્તન. જેણે ભગવાનનો

---

★‘ભાવકણિકા’, ‘ભાવજ્યોતિ’, ‘ભાવહર્ષા’, ‘ભાવરેણુ’ અને ‘ભાવપુષ્પ’

અનુભવ કર્યો હોય અને 'પોતે' સ્વરૂપે શ્રીહરિના ગુણધર્મોને સહજ રીતે વ્યક્ત થવા દેતા હોય એવા જ કોક 'વિરલા વીર' આવું હરિકીર્તન કરી શકે. આવું હરિકીર્તન આ પુસ્તકોમાં વ્યક્ત થયું છે. 'પોતે' હરિરૂપ છે. છતાં તે પોતાના 'સ્વ' રૂપનું કીર્તન કરે છે -એ લાક્ષણિકતાનો અનુભવ આપણને-વાચકને થયા જ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકોમાં શબ્દ દ્વારા વ્યક્ત થયેલા આવા કીર્તનભાવનો પ્રસાદ આપણને સૌને વહેંચ્યો છે. પ્રસાદ એટલે આનંદ. તેઓશ્રીના હૃદયમાં પૂર્ણરૂપે પ્રગટેલ પરમાત્માના આનંદરૂપના ઊછળતા ઉદધિના અનંત જળરાશિમાંથી થતો આ માત્ર છંટકાવ છે.

પૂજ્ય શ્રીમોટા દ્વારા આ પુસ્તકોમાં જે શબ્દો પ્રગટ થયા છે એ 'હરિવાણી' છે, કેમ કે એ મનના વિચારોમાંથી કે ચિત્તની કલ્પનાશક્તિથી વ્યક્ત થયેલા નથી, પરંતુ પોતાના હૃદયમાં પ્રગટેલા અનુભવને વ્યક્ત કરતી શબ્દરૂપ પામતી વાણી છે. એનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે આ બધી જ રચનાઓ પૂજ્ય શ્રીમોટાના શરીરના અનેક રોગોની વેદનાકારી સ્થિતિમાં વ્યક્ત થઈ છે. આટલી ભૂમિકાનો વિચાર કરવાથી આ વાણીનું મૂલ્ય આપણે સમજી શકીશું. આ પાંચેય ગ્રંથોમાંનું પ્રત્યેક પુસ્તક મનનીય-ચિંતનીય છે. માત્ર એક જ બેઠકે વાંચી જવા માટે આ પુસ્તકો નથી. એ શબ્દોના હાર્દમાં મનનચિંતવન દ્વારા પ્રવેશવાથી જિજ્ઞાસુની મતિમાં પરમાત્માનો પ્રકાશ અનુભવાય છે અને એ સાથે પૂજ્ય શ્રીમોટાના પરમાત્મરૂપ સાથે તત્ક્ષણ એકરૂપતા સધાય છે. તેઓશ્રીના દેહત્યાગ પૂર્વેનાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલી આ રચનાઓનું અનેક વખત પરિશીલન કરતાં અનુભવેલી હકીકત છે. વીસ વર્ષ પછી નવી આવૃત્તિ માટે પરામર્શ કરતાં પણ નૂતન અર્થબોધ પામી શકાયો છે.

આ પાંચેય પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રગટ થઈ એ પૂજ્ય શ્રીમોટાના વિપુલ આધ્યાત્મિક સાહિત્યનાં પ્રકાશનોમાં નિર્માણની-સજાવટની-દૃષ્ટિએ પણ અનોખી હતી. ક્રાઉન સાઈઝમાં, હાથ બનાવટના ઊંચી ગુણવત્તાવાળા કાગળો ઉપર ખાસ પ્રકારની

સાઈઝવાળા ટાઈપમાં લીલી શાહીથી આ પુસ્તકો છપાયેલાં હતાં. દરેક પાના ઉપર માત્ર એક જ કડી હતી. આ આવૃત્તિમાં એક પાના ઉપર ત્રણ કડીઓ સમાવી છે. અને ૧૬ પેજી ક્રાઉન સાઈઝ પસંદ કરી છે. પૂજ્ય શ્રીમોટાની વાણી પડતર કરતાં પણ ઓછી કિંમતે બહોળા જનસમાજ સુધી પહોંચે એવા આશયથી પુસ્તક નિર્માણમાં આટલો ફેરફાર કર્યો છે.

બે દાયકા પછી પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારના પદ્યગ્રંથોનું પુનર્મુદ્રણ આજની પેઢી માટે તો તદ્દન નવું જ બની રહેવાનું. પૂજ્ય શ્રીમોટા કહેતા હતા કે 'આ પ્રકારની ચોપડીઓનું મૂલ્ય તો હવે પછીનાં પચીસ વર્ષ પછી થશે !'

સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા આજની પેઢી માટે જે મૂલ્યવાન સામગ્રી પ્રગટ કરવાના નિમિત્ત બન્યા છે, એ બદલ એમને ધન્યવાદ ઘટે છે. આ બંને યુવાન ભાઈઓની પૂજ્ય શ્રીમોટાની સેવા કરવાની તત્પરતા હું સતત અનુભવું છું. જે ઉત્સાહ, ઉમંગ અને ખંતથી મારા સદ્‌ગત મિત્ર વિષ્ણુભાઈ, પારમાર્થિક કામ કરતા હતા, એ જ રીતે આ બંને ભાઈઓ કામ કરી રહ્યા છે, એ જોઈને હું ગર્વ અનુભવું છું. પૂજ્ય શ્રીમોટાના કામને, પોતાના વ્યવસાયના ઘણા દબાણ વચ્ચે પણ, અગ્રતા આપવાની એમની તત્પરતામાં જ એમનો ભક્તિભાવ મેં પ્રમાણ્યો છે. પૂજ્ય શ્રીમોટાનું જન્મશતાબ્દી વર્ષ ૧૯૯૮ના સપ્ટેમ્બરથી શરૂ થશે. એ પહેલાં તેઓશ્રીનું અલૌકિક પદ્યસાહિત્ય પુનર્મુદ્રણ પામવાનું છે. એ કાર્યના શ્રીગણેશ સાહિત્ય મુદ્રણાલયના આ કાર્યથી થાય છે, એ આનંદદાયક ઘટના છે.

હરિઃૐ આશ્રમો (નડિયાદ, સુરત)ના ટ્રસ્ટીઓ પૂજ્ય શ્રીમોટાના ગ્રંથપ્રકાશનના કાર્યમાં મને સામેલ કરે છે, એ બદલ એમનો આભારી છું.

અમદાવાદ, **રમેશ મ. ભટ્ટ**

તા. ૨૧-૪-૧૯૯૩ (રામનવમી)

॥ હરિઃૐ ॥

# અમારે કહેવાનું કે-

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં પાંચ પુસ્તકોની શ્રેણીનું નવા સ્વરૂપે પુનર્મુદ્રણ કરી આપવાનું અમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે, એ પ્રસંગે અમે કૃતજ્ઞતાની અને ધન્યતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આમ તો દર વર્ષે પૂજ્ય શ્રીમોટાનું એકાદ દળદાર પુસ્તક છાપી આપવાની પ્રવૃત્તિ સાહિત્ય મુદ્રણાલય તરફથી છેલ્લાં વીસ વર્ષથી થાય છે. અમારા સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈ, પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવ્યા ત્યારથી (૧૯૬૮) આજ સુધી પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાશક્તિનો અમને અમારા કાર્યમાં તથા એના પરિણામમાં પરિચય મળતો રહ્યો છે. સાહિત્ય મુદ્રણાલયની સ્થાપનાના આરંભનાં વર્ષોમાં જે આકરી પરિસ્થિતિ અને સંજોગોમાંથી અમારા પરિવારને તથા સાહિત્ય મુદ્રણાલયને પસાર થવાનું થયેલું એવી જ પળે અમને પૂજ્ય શ્રીમોટાનો સહારો પ્રાપ્ત થયેલો. સાહિત્ય મુદ્રણાલય દ્વારા અમારા પિતા જે અવિરત પરિશ્રમમાં, ઉદ્યમમાં રહેતા હતા તથા અમારાં સદ્‌ગત માતુશ્રી ભગવતીબહેન પણ પિતાના ખંત ઉદ્યમને વેગ આપવા-પરિવારની જવાબદારી સંભાળવા-જે અથાગ મહેનત કરતાં હતાં એનું પણ આ પળે સ્મરણ થાય છે. સદ્‌ગત ભગવતીબહેનના જીવનની કટોકટીભરી અંતિમ ક્ષણોમાં પૂજ્ય શ્રીમોટાએ જાતે વા. સા. હૉસ્પિટલમાં પધારીને એમનાં મસ્તક પાસે ગુલાબનાં ફૂલો મૂકેલાં-એ ઘટના પણ અવિસ્મરણીય છે. અમારા પરિવારનો ઉત્કર્ષ તથા અમારા વ્યવસાયનો વિકાસ એ પૂજ્ય શ્રીમોટાની પરમ કરુણાને લીધે છે, એનું અમને સ્મરણ રહ્યાં કરે છે, એ અમારા જીવનની ધન્યતા છે.

સાહિત્ય મુદ્રણાલય દ્વારા પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચ પુસ્તકોની શ્રેણીનું પ્રકાશન એ તો અમારા દ્વારા તેઓશ્રીના ચરણકમળની આ પંચપાત્ર દ્વારા થતી પૂજનવિધિનો એક પ્રકાર અમે સમજીએ છીએ. તેઓશ્રીએ પ્રત્યક્ષ રીતે અમારા વ્યવસાયના વિકાસમાં જે રસ લીધેલો તથા આજે પણ તેઓશ્રી ચેતનરૂપે અમારા કાર્યમાં પ્રેરણા આપે છે. એમના પ્રત્યેનો કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવાની આ તો એક પ્રતીકાત્મક પુષ્પાંજલિ છે.

પાંચ વર્ષ પછી પૂજ્ય શ્રીમોટાની જન્મશતાબ્દીનું વર્ષ આવી રહ્યું છે. આ પહેલાં પૂજ્ય શ્રીમોટાના સાધનામય જીવનને વ્યક્ત કરતાં પદ્યપુસ્તકોનું પ્રકાશન થઈ જાય એવી ભાવના મુ. રમેશભાઈએ અમારી સમક્ષ વ્યક્ત કરી અને આ શ્રેણીનાં પાંચ પુસ્તકોથી એનો આરંભ થાય એવું સૂચન કર્યું. હરિઃૐ આશ્રમે આ શ્રેણીનાં પ્રકાશનનો આરંભ કરવાની અમને તક આપી, એ બદલ અમે એમના આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયમાં અમારા સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈએ જે ઊજળી પરંપરા ઊભી કરી છે એને અમારાથી અનુસરી શકાય છે, એ જ તેઓશ્રીનું તર્પણ છે એમ અમે સમજીએ છીએ. એવી પરંપરાના એક ભાગરૂપે પૂજ્ય શ્રીમોટાના ગ્રંથો પૈકી આ પંચપાત્રના નવનિર્માણને તેઓશ્રીના ચરણે સમર્પિત કરીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

અમદાવાદ,<br>
તા. ૨૧-૪-૧૯૯૩

**શ્રેયસ વિ. પંડ્યા**<br>
**યજ્ઞેશ વિ. પંડ્યા**<br>
**હિમાદ્રી વિ. પંડ્યા**

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા રચિત **'ભાવકણિકા'**ની પ્રથમ આવૃત્તિ સને ૧૯૭૪માં અને તે બાદ તેની બીજી આવૃત્તિ સને ૧૯૯૩માં પ્રકાશિત થઈ હતી. હાલ, આ પુસ્તકની પ્રતો અપ્રાપ્ય હોઈને, તેની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

જીવનવિકાસની ભાવનાવાળા શ્રેયાર્થીનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ સંસાર પ્રરત્વે અને કર્મ આચરવા પરત્વે કેવાં હોવાં જોઈએ એનો આ પુસ્તકમાંનાં જોડકણાંમાં શ્રીમોટાએ સ્પષ્ટ નિર્દેશ કરેલો છે. એના વાચન-મનનથી જીવનનો ઉઠાવ થઈ શકશે.

આ પુસ્તકની પ્રતો અપ્રાપ્ય હોવાથી અને એના પ્રકાશન માટે આર્થિક સહયોગ આપનાર દાતાને ટ્રસ્ટીમંડળની વિનંતી હોવા છતાં પોતાનું નામ ગુપ્ત રાખવા ઇચ્છનાર, પૂજ્ય શ્રીમોટાના એક સ્વજન તરફથી અમોને આર્થિક સહાય મળતાં આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન સ્વજનોના કરકમળમાં મૂકતાં આનંદ થાય છે. એ દાતાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ ચોક્સાઈપૂર્વક કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનમાં શ્રી મયૂરભાઈ જાનીનો સહયોગ મળ્યો છે. આ પુસ્તકને છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ પંડ્યાએ સેવાભાવથી કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

અગાઉની આવૃત્તિઓની જેમ જ આ આવૃત્તિને પણ સ્વજનો આવકારશે એવી અમોને આશા છે.

તા. ૧૪-૧-૨૦૦૫ **ટ્રસ્ટીમંડળ,**
(મકરસંક્રાંતિ) હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

ધારેલું દિલમાંનું જે
તેને પાર ઉતારવા,
જેનો મરણિયો પાકો
નિશ્ચય, તે જીતે સદા.

તા. ૭-૧૧-૧૯૭૨ **મોટા**

# ભાવકણિકા

❑

પૂજ્ય શ્રીમોટા

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨ - **શ્રીમોટા**

હરિઃૐ

# ખંડ ૧ : કર્મ અને સંસાર

(અનુષ્ટુપ)

સંભાર્યા હરિ વિના તો કર્મપ્રારંભ થાય ના,
કર્મ જ્યાં જે થતું હોય ત્યારેય હરિ યાદ ત્યાં;
થતાં, થયેલ સૌ કર્મ પાછાં શ્રીહરિના પદે
—સમર્પીને, થવાનું છે હળવાફૂલ અંતરે.

સંસારને કહે લોક મિથ્યા શા ખાલીખાલી તે!
મિથ્યા એને ન માને છે કોઈયે સ્વપ્નમાંય તે;
સૌ વ્યવહાર ચાલે છે સંસારનો ખરેખરો,
વ્યવહાર થતાં મિથ્યા તેને છે ગણતા ન કો'.

'અસાર સર્વ સંસાર' વિદ્વાન લોક તો કથે,
કિંતુ અસાર રીતે તે તેવા કો' વર્તતા ન છે;
મિથ્યાત્વનો કશો ભાવ તેમના ના મનાદિમાં,
બોલવું તેવું ખાલી તે મિથ્યા દંભ પ્રમાણવો.

કામક્રોધાદિથી મુક્ત થવા, સંસાર સાર્થ છે,
અનર્થ છે ન સંસારે, વ્યક્તિમાં જ અનર્થ છે;
જેવી જેવી રીતે જીવે સંસાર દિલ માનવી,
તેનો સંસાર તો નિશ્ચે તેવા પ્રકારનો વળી.
ભક્ત જ્ઞાનીતણો કેવો તે પ્રત્યક્ષ અમૃત છે!
અવગણ્યો ન સંસાર તેવાઓએ કદી ખરે.

સંસારમાંથી તો કોઈ ઊઠવા, ઊડવા કદી
—તત્પરતા ન સેવે છે, ઊંઘે કેવા લહેરથી !
સંસારથી બીજા સુખતણી ના વાંછના હ્રદે,
સંસારે મ્હાલવું એ જ જેનો આનંદ જીવને;
એવા જીવો પછી વાતો બ્રહ્માનંદની શી કરે !
પોતાની મેળે પોતાનો દંભ કેવો છતો કરે !

□

સંસારે લક્ષ્મીની કેવી લોક જાળવણી કરે !
સાચવે જીવની પેઠે, વેડફે ના નકામી તે;
વધારે સંઘરો એનો થવા ઉત્સુક નિત્ય છે,
પ્રાણથીયે વધુ વ્હાલી લક્ષ્મી શી એમને જ છે !
છતાં શા ખરડાયેલા એવાયે ડાહી, ડાહી શી
—જ્ઞાનની સૌ કરે વાતો ! એવા મૂર્ખશિરોમણિ.

□

સંસારને વગોવે છે નકામા સાવ લોક જે,
રચ્યા, પચ્યા નર્યા કેવા સંસારે હર્ષથી જીવે !
એવાયે લોક શી વાતો ભક્તિ ને જ્ઞાનની કરે !
કથાવાર્તાતણો કેવો અભ્યાસ તેમનો જ છે !
પાછા તેવા છતાં કોઈ રીતે ના બદલાય છે,
તેવાના ક્રમમાં ક્યાંયે થાય ના ફેરફાર છે.

હાથ, પગ વિના હોયા કામ કૈં ના કરાય છે,
હોયા વિના જ સંસાર કામક્રોધાદિ શેં છૂટે ?
સંસાર રગદોળાવા માત્ર કૈં તે મળ્યો ન છે,
કામક્રોધાદિથી મુક્ત થવા, સંસાર તો જગે
—ઉત્તમોત્તમ હેતુ છે, કિંતુ જાણે ન કોઈ તે,
સંસાર હરિની ભેટ, જીવો સંસાર તે રીતે.

□

એકલી માત્ર બુદ્ધિથી વિચાર્યા કરતાં છતાં,
હેતુ સંસારનો સાચો કોઈને સમજાય ના;
પ્રત્યક્ષ સ્પષ્ટ વ્યક્તતત્વ સંસાર હરિનું જ છે,
કિંતુ છતાંય તે રીતે સંસાર કોઈ ના લહે.

□

'જન્મવું, જીવવું, પાછું મરવું', ક્રમ નિત્યનો,
એવા જટિલ સંસારે ભજવો હરિ દોહ્યલો;
છતાં કોઈક તો એવા હરિને ભજનાર છે,
ભજતાં ભાવથી કર્મ કર્યે જતા જ હોય છે.

હરિને એકનિષ્ઠાથી ભજવા, સ્હેલું ન કર્મ તે,
નિરંતરની હૈયાની અનિવાર્ય શી ભક્તિ તે !
નિત્ય અભ્યાસ, વૈરાગ્ય થતાં સેવન ભાવથી,
ભક્તિ સાંપડવી એવી કેવી મુશ્કેલ દોહ્યલી !

□

હરિ સાંભરતાં જેને આનંદ ઊછળે હૃદે,
હરિના ભાવનું પૂર ત્યારે કેવું ફરી વળે !
જીવનનાં થતાં કર્મો વિશે તે ભાવ નીતરી,
તેવાં તે કર્મમાં કેવું જન્મે કૌશલ્ય આપથી !

□

સૌ વ્યવહારનાં કર્મો વિશે ભાવ હરિતણો
—જેને દિલ જીવંતો છે, તેનાં કર્મોમહીં ઊગે
—કૌશલ્ય ઑર ન્યારું તે પ્રકારનું શું જીવને !
એવાને જીવવાકેરી ધન્યતા લાગતી હૃદે.

જેને વિશ્વાસ સંપૂર્ણ શ્રીહરિની પરે ખરો,
આટોપે સર્વ પોતાનું સાવ નિશ્ચિંત થૈ જ શો !
સર્વ કૈં કરતાં, કરતાં હરિ સભાનતાતણા
—ભાવે, એની શી મસ્તી છે જીવનમાં અનોખી ત્યાં !

□

'જાગીને જીવવું' એ તો માત્ર મર્દનું કર્મ તે,
ભક્તિ મર્દાનગીવાળી જેની, તેમ કરી શકે;
તેવું તે જીવીને પાછું હરિ સભાનતા વિશે
—જેનાં મનાદિ ખીલીને રમે, માનવી ધન્ય તે.

□

જીવવું હરિના ભાવે કેવું આનંદપ્રેરક !
જીવવું હરિના ભાવે કેવું તે શક્તિદાયક !
જીવવું હરિના ભાવે કેવું તે પ્રેરણાત્મક !
જીવવું હરિના ભાવે કેવું નૌતમ મૌલિક !

જીવતાં આવડ્યું જેને તેનું તે જીવ્યું ધન્ય છે,
હરિના ભાવ-આનંદે જીવન છલકાય છે;
હરિમાં જે જીવે તેનો અનંતાનંત કાળ છે,
સ્થળ ને કાળ, સંજોગ, હરિના ભક્તને ન છે.

□

રચ્યા, પચ્યા રહેવાને માત્ર સંસાર ના મળ્યો,
જીવમાંથી થવા શિવ આ શો સંસાર તો મળ્યો !
કોઈનેયે ન બાંધી તે રાખે છે કૈં કશા વિશે,
બંધાઈએ જ સંસારે શા અજ્ઞાનથી આપણે !
મોહાદિથી જ સંસારે શા ચીટકેલ આપણે !
મોક્ષ મેળવવા યોગ્ય ક્ષેત્ર સંસાર શ્રેષ્ઠ છે.

□

સંસારે કામ, ક્રોધાદિ, લોભ, મોહાદિ નિત્ય છે,
જીવને ઘસડાવાને તેમાં ખેંચાણ દિલ છે;
યોગ્ય સર્જન કર્તવ્ય કામ, મોહાદિનું જ છે,
કિંતુ લોલુપતા તેમાં તે ખરેખર દોષ છે.
સંસાર તરવા કાજે કૃપાથી શો મળેલ છે !
જીવંત તરતો હેતુ જેનો તેમાં, શું સાર્થ તે !

સંસાર યોગ્ય ભૂમિકા-કામ, ક્રોધાદિ, મોહને
—જીવને પાડવા મોળા-નિશ્ચયાત્મક જાણજે,
હરિસ્મરણ ને ભાવભક્તિ જ્યાં મોખરે થતાં,
આપમેળે પડે મોળા હોવા સંસારમાં છતાં.

□

પ્રાપ્ત કર્મ મળેલાં જે-પ્રભુપ્રીત્યર્થ જાણીને,
દેવા સંતોષ સંપૂર્ણ શ્રીહરિને થવાં ઘટે;
કર્મ જ્યાં ભાવથી થાય, કૌશલ્ય કર્મમાં ઊગે,
કર્મમાં ગુણસમૃદ્ધિ ભાવથી તે થતાં, ફળે.

□

પ્રભુપ્રીત્યર્થ સૌ કર્મ થતાં જે ભાવથી ઊંડા,
બુદ્ધિમાં ચમકારો શો તેનો ઊપજતો તદા !
થતાં ભાવથી જ્યાં કર્મ, ભાવ સાકાર થાય છે,
તેવાં કર્મતણો યોગ, કર્મયજ્ઞ ગણાય છે.

કર્મ ના ખાલી છે શુષ્ક, કર્મ ના માત્ર વૈતરું,
એરણરૂપ તો કર્મ ઘડાવા જીવને મળ્યું;
હરિના પાદનો કેવો કૃપાપ્રસાદ કર્મ છે !
કર્મ આચરતાં યોગ્ય, હરિ પ્રસન્ન થાય છે.

□

સ્મરતાં સ્મરતાં કર્મ થતાં અંતર તે પળે,
ભાવની સાથ જોડીને કર્મ જેનાં થયાં કરે;
કર્મ તેવાં થતાં ર્‌હેતાં જીવન જે ઘડાય છે,
હરિને ચરણે યોગ્ય ધરવા પુષ્પ કર્મ તે.

□

હરિમાં ચિત્ત પ્રોઈને, હરિમાં લક્ષ ધારીને
—રોજબરોજની એવી જીવનપ્રક્રિયા વિશે
—હરિ સભાનતા જેની જીવંત ર્‌હેતી છે સદા,
તેવો શો ભક્ત ને જ્ઞાની ને સાથોસાથ યોગી છે !

જીવન કર્મ વિનાનું જીવન ના ગણાય તે,
જીવન કર્મથી ચાલે, પોષાય કર્મની વડે;
કર્મ જીવનનો પાયો, જીવન કર્મથી જ છે,
કર્મ વિના ન અસ્તિત્વ, કશાનું ક્યાંય હોય છે.

□

યથાયોગ્ય રીતે ભાવે કર્મ જો તે થતું ન છે,
તેવાને પછી શ્રેયાર્થી નવ ગણી શકાય છે;
ઘડાવા જે મળેલું છે હેતુપૂર્વક જીવને,
યદ્વાતદ્વા પછી તેને જે કરે, મૂર્ખ જાણજે.

□

સંસાર કર્મ વિનાનો સ્વપ્ને કલ્પી શકાય ના,
દ્વંદ્વ સંસારમાંનું જે સ્વાર્થ ને પરમાર્થમાં;
એવાં અનેક દ્વંદ્વોથી સંસાર શો બનેલ છે !
તટસ્થતા, સમત્વે જે જીવે, તે ભક્ત-જ્ઞાની છે.

કર્મ સૌ જો યથાયોગ્ય પ્રભુપ્રીત્યર્થ ભાવથી
—જીવને જો થતાં ર્‌હે તો સદ્‌ગુરુ તે બને સહી;
સ્વભાવ પ્રકૃતિનો જે કર્મ સંપૂર્ણ ભાવથી
—થતાં ર્‌હેતાં, પૂરો કેવો બદલાઈ જતો ફરી !

□

કર્મ જીવનમાં માત્ર સૂત્રધાર ન તે કદી,
ને વેશ પલટાવામાં કર્મનો ભાગ મૂળથી;
કર્મ કેવા પ્રકારે તે થતું, આધાર તે પરે,
તેથી તો કર્મને યોગભાવે કરવું જીવને.

□

વિષ્ણુ, મહેશ ને બ્રહ્મા, કર્મનાં ત્રિસ્વરૂપ તે,
જન્મે કર્મથી, પોષાય કર્મે, ને કર્મથી લય;
અવિદ્યા ટકતી કર્મે, વિદ્યા કર્મથી શી ખીલે !
કરાય કર્મ જે રીતે બધો આધાર તે પરે.

કર્મ જ્યાં ભાવથી થાય, શાંતિ, પ્રસન્નતા ટકે,
તાટસ્થ્ય, સમતા, કેવાં ભભૂકેલાં ખરાં રહે !
એવા પ્રકારની જ્યારે અખંડતા શી નીતરે !
ત્યારે જ કર્મનો યોગ શ્રીહરિપદમાં ભળે.

□

કર્મના ભાવને હેતુપૂર્વક જો સધાય છે,
તેવું તે કર્મ ના માત્ર ખાલી ખાલી જ કર્મ છે;
ચેતનાત્મક જ્યાં ભાવ કર્મના હાર્દમાં જ છે,
તેવા કર્મતણો યજ્ઞ શ્રીહરિને પસંદ છે.

□

ઊર્ધ્વ જીવનને જેઓ પામવા ઇચ્છતા હૃદે,
ને જેમનો ખરો સાચો તેવો જ ધ્યેય-હેતુ છે;
ને જેઓ વરવા ભાવે સેવે તત્પરતા હૃદે,
કર્મનો મહિમા ગાયો તેવા શ્રેયાર્થીઅર્થ મેં.

શી ઊડઝૂડિયા રીતે કરતા કર્મ હોય જે !
પાછા કહેવરાવે શા શ્રેયાર્થી નિજને ખરે !
શ્રેયાર્થીનું લજાવે છે નામ તેવા ખરેખરું,
તેવા ના પાત્ર ઊર્ધ્વના પંથે જવા લગીરેય.

□

કદી ના કર્મ મિથ્યા છે, મિથ્યા જો હોય કર્મ તો
—ચાલે સંસાર શી રીતે ? કર્મથી વ્યવહાર શો !
જેવા પ્રકારનું કર્મ સંસાર તે પ્રકાર છે,
લક્ષ્મીયે કર્મથી કેવી સંસારે મેળવાય છે !

□

કેટલો કેટલો કાળ જામતાં જામતાં જગે,
કેવો વહી જતો લાગે, કિંતુ ના તે નિરર્થકે;
ભલે જામ્યા ન હોઈએ, પરંતુ ધ્યેયની રીતે
-કર્યાં જો કરીએ કર્મ, તો તો સંતોષ થાય છે.

જીવતાં જીવતાં ધ્યેયતણું ચિંત્વન થાય જો,
જેમાં તેમાં બધાં વિશે મનન ધ્યેયનું જ હો;
ધ્યેય સભાનતા સર્વ થતાં કર્મે જીવંત છે,
ધ્યેય સાકાર તો પૂર્ણ થયા વિના કદી ન ર્‌હે.

□

કર્મ વિના કઈ રીતે હરિ સભાનતા ટકે ?
કર્મ તો ભાવ પ્રત્યક્ષતણું સાકાર રૂપ છે;
કર્મથી ભાવ સંપૂર્ણ સ્વાભાવિકપણે હૃદે
-શી વાસ્તવિકતાથી તો ભર્યો નક્કર થાય છે !

□

કર્મ જીવનની શ્રેષ્ઠ શી ઈમારત ભવ્ય છે !
કર્મ જીવનની દૃષ્ટિ, બદલાવે, કરી કળે;
કર્મથી ધ્યેય-હેતુનું લક્ષ-ધ્યાન રખાય છે,
કર્મ જેવું ઘડે તેવું કોઈ ના ઘડનાર છે.

કર્મઉપાસના એ તો ભક્તિ, ને જ્ઞાનયોગનો,
જીવનની વ્યવસ્થિતિનો સમન્વય પૂર્ણ શો !
કર્મમાં ભાવ સંપૂર્ણ જ્યાં અવતરતો હૃદે,
મોખરે ભાવ જ્યાં કર્મે, કર્મ ના પછી કર્મ છે;
તે પછી કર્મ તો યોગ, દિવ્ય જીવનનો ખરો,
કર્મ તો એટલે દિવ્ય નિસરણી પથે શી છે !

□

છે શ્વાસોચ્છ્વાસ તો કર્મ જીવનનો ખરેખરો,
કર્મ વિના ન ચાલે છે કોઈનેયે જગે કશું;
કર્મ શિક્ષક, આચાર્ય, શો શ્રીસદ્ગુરુ કર્મ છે !
કર્મ માતા, પિતા, બંધુ સાચેસાચ ખરાં ખરે !

□

કર્મથી વિશ્વ ચાલે છે, કર્મથી નભતું બધું,
માલદાર, બધાં જે તે સંસારે કર્મથી ખરું;
કર્મ કેવું રળાવે છે! પાણીદાર શું કર્મ છે !
કર્મથી શક્તિ શી પેદા જીવને થતી હોય છે !

હરિના ભક્તને કર્મતણો બાધ ન ક્યાંય છે,
હરિના ભક્તને કર્મ તે સમર્પણ પુષ્પ છે;
હરિના ભક્તને કર્મ હરિ સંતોષવા જ છે,
હરિના ભક્તને કર્મ હરિ આરાધવા જ છે.

□

પ્રત્યેક કર્મ જે થાય, જેમાં સ્તવન-ભાવ છે,
કર્મ થતી પળે હાર્દે જ્યાં તરવરતો જ તે;
હરિની સભાનતા વિના કશું કૈં પણ થાય ના,
એવો જે ભક્ત-જ્ઞાની છે, ક્ષેમ-કલ્યાણ તેનું ત્યાં.

□

પ્રત્યક્ષ કર્મ જે થાય તે તે પળે શ્રીઈશ છે,
હરિની ભક્તિનો ભાવ કર્મે પ્રવર્તમાન છે;
હરિના ભાવ વિનાનું કોઈયે કર્મ ભક્તને
-સ્વપ્નેયે ખપનું ના છે, શો શિરોમણિ ભક્ત તે !

□

હરિઃૐ

# ખંડ ૨ : સાધક

ભરોસો દિલ સંપૂર્ણ જેને શ્રીહરિની પરે,
કર્તવ્યો જે કરે, તેમાં શ્રીહરિભાવ નીતરે;
કર્મો થતાં પહેલાં શો હરિને સ્તવીને કરે,
થતું, થયેલું જે તે સૌ શ્રીહરિચરણે ધરે.

સર્વ બ્રહ્માંડમાં જેના સમો કોઈ બીજો ન છે,
હરિ શો એકલો માત્ર સમર્થોમાં સમર્થ છે !
હૈયે આરાધતાં એને રંગ જીવનના જૂના,
બધા અટપટા કેવા મેળે વિલીન થાય શા !

□

હરિના ભાવની હૈયે જેની જીવંતી ધારણા,
નિરંતરે રહે તેવો હરિના લક્ષમાં સદા;
થતાં કંઈક, પોકારે હરિને સ્તવીને હ્રદે,
ખરેખરું ટકાવે તે આશ્વાસન દઈ હ્રદે.

□

હરિને એકલાને જે મનાદિમાં ધર્યા કરે,
અખંડ હ્રદયાધારે હરિ સ્મરી, સ્તવે હ્રદે;
હરિની સાથ શી ગોષ્ઠિ અનંત રીતથી કરે !
એવાને હરિ સંગાથે ને સંગાથે હ્રદે ધરે.

સંભારે છે ઊંડા ભાવે જે કોઈ હરિને હ્દે,
હરિ વિનાનું સંસારે જેને કશું ન સાર છે;
હરિ શો એકલો માત્ર જેના આધારમાં રમે !
એવાને હરિ પોતાના નવાજે પ્રેમથી હ્દે.

□

હરિને એકલો ક્યાંયે મૂકી દેતો ન કોઈ જે,
હરિને એકલાને જે ધારે આધારમાં ઊંડે;
હરિના એકલાનો શો છે વ્યવહાર જેહને !
તેવાને હરિ પોતાનો બનાવી, રંગ નિજ દે.

□

જેને હરિની માયા છે, જેને સંસાર સર્વ જે
-હરિનો છે પૂરેપૂરો, સંસારમાં જીવે, રમે;
હરિનાં ભક્તિ-જ્ઞાને ને હરિના રસથી જીવે,
એવાને હરિ સંપૂર્ણ નિજનો ગણતો હ્દે.

ધનદોલત, સંસારે પ્રતિષ્ઠા, કીર્તિ તે બધું
-હોવા છતાં જ ઐહિક શો અસંતોષ છે હજુ !
મન ભૂલેચૂકે એવાતણું ના હરિમાં જતું,
ઉગારી ના શકે એને કોઈયે કોઈ રીત શું !

□

નાતો સંસારમાં જેને એકલા હરિ સાથ છે,
સંબંધ સર્વ સંસારે જેને શ્રીહરિ સાથ છે;
વ્યવહાર બધો જેને સંસારે હરિ સાથ છે,
એવા જ એકલા માત્ર રાચેલા શા હરિ વિશે !

□

હોશિયારી, ચતુરાઈ, વ્યવસ્થા ને કુનેહ શી !
ને ડહાપણ, ચાતુર્ય એવા અનેક ગુણ છે;
છતાં તે કેટલી વાર આવતું કામ કૈં જ ના,
હોવા છતાં નરી શક્તિ, શક્તિ જ્યાં વરતાય ના;
એકલો માત્ર શો ત્યારે સમર્થમાં સમર્થ જે,
હરિમાં જેનું લાગેલું દિલ, પ્રત્યક્ષ સાથ તે.
તેવો તે એકલો માત્ર ત્યારે શો ખપનો જ છે !
હૈયે બેઠેલ એવો તે તેથી તેને વરેલ છે.

ઇંદ્રિયો, કરણો ને શાં મનાદિ સઘળાંય તે,
સંપૂર્ણ રસથી મુગ્ધ સંસારે એકરૂપ છે;
ભળેલાં ને ભળેલાં તે સંપૂર્ણ શાં રહ્યાં કરે !
નોખાં થયા વિના તેને પિછાની શી રીતે શકે ?
એમનું એમ તો નોખું કદાપિ તે થવાય ના,
જિજ્ઞાસા એવી જાગ્યા તે વિના, હેતુ સધાય ના.

□

સંસાર દ્વંદ્વ ને ગુણ વડે સંયુક્ત નિત્ય છે,
કિંતુ સમત્વ વિના તે યોગ્ય કર્મ ન થૈ શકે;
કામ ને લોભ, મોહાદિ ભક્તિમાં તે ગળ્યા વિના,
સમજાઈ શકાવો તે દુર્લભ હેતુને મહા.

□

સંસાર ના ક્રીડા માત્ર, 'લીલા શ્રીહરિની શી તે!'
ખરેખરો ઊંડો એવો ભાવ ના કોઈને જ છે;
નરી શી જીવવૃત્તિથી લોક સંસારમાં ચરે !
સંસારે શી રીતે તેને, શ્રીહરિતણું ભાન રહે ?

એકલા જ નર્યા સ્વાર્થે લોક સંસારમાં જીવે,
સ્વાર્થ વિના બીજું ઊંચું કોઈ ના તત્ત્વ તેમને;
કથા, વાર્તા અને બોધ, મંદિરે દર્શને જતાં
-ઘરેડની પ્રમાણેનું, નવું મળવું શક્ય ના.

□

સ્મરતાં સ્મરતાં ભાવે હરિને દિલમાં ઊંડા,
સ્મરણમાં પછી કેવો ભાવ ફૂટ્યા કરે તદા !
ભાવથી ભક્તિની ધારા જીવનમાં કરે વહ્યાં,
ભક્તિથી લાગતું મીઠું જીવવાનું પરે ધરા.

□

કેટલાં કેટલાં ત્યાગ, તપશ્ચર્યા વળી તપ,
-ઉમળકાથી જેનાથી હરિ માટે થયાં દિલ !
જીવવું માત્ર જેને છે એકલું હરિ અર્થ જે,
ભક્ત મર્દાનગીથી શા ભરેલા ભરપૂર તે !

કદી પાછો પડે છે ના, ભારે મુશ્કેલ કર્મ છે,
કરતાં કરતાં ભાવે કદીક માથું આપી દે;
સમરાંગણ ના છોડે, ભાગે કાયર થૈ ન તે,
ભલે તે કટકા થાય, તોયે ટટાર શો ઊભે !
હરિનો ભક્ત એવો શો મર્દ માનવી હોય છે !
અચળ ટેક એનો છે, જવાંમર્દી શી એની છે !

□

હરિ સ્મર્યા વિના જેનો ખાલી દિવસ જાય ના,
જેનો ભજન આહાર શુદ્ધ, સાત્ત્વિક ભાવમાં,
હરિ જેનો જ સંસારે, બેલી ખરેખરો જ છે,
એવાને હરિ ખોળે લૈ કરે વ્હાલ બહુ રીતે.

□

મિત્ર ખરેખરો ક્યાંયે હરિ જેવો મળે નહિ,
વફાદાર હરિ જેવો બીજો કોઈ જગે નહિ;
સંબંધ દિલનો એનો છે બંધાયેલ જેહને,
તેને તે ખપમાં લાગે, જ્યારે ખરી જરૂર છે.

હરિને જે ભજે ભાવે એકધારું અખંડ જે,
તેનું નસીબ તો કેવું કૃપાથી ફરી જાય છે !
આપો જે હરિને, તેનું હરિ બાકી ન રાખશે;
હરિ તેને સવાયું દે, એવો હરિ ઉદાર છે.

□

હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, સૌ કર્મ જે થતાં,
ધારી સભાનતા એની, સ્મરવાનું કરે સદા;
બિરાદરી, હરિ જેવી શોધી ક્યાંય મળે ન તે,
જેનો થયો, સદા તેવો નિશ્ચિંતે સુખથી જીવે.

□

જીવનમાં હરિનામ આનંદોત્સવ ભવ્ય છે,
ભક્તના દિલનો લ્હાવો કેવો તે મસ્ત હોય છે !
હરિનું નામ તો તેને અમૃતદરિયો જ છે,
એના જીવનનો કેવો ઉદ્ધાર, હરિનામ છે!

હરિના નામમાં કેવા હર્ષ-આનંદ હોય છે !
ચિત્ત ઓગાળવા પદ્મે તપશ્ચર્યા કઠિન છે;
જેનાં મનાદિ ચોંટેલાં હરિપદે નિરંતરે,
એવા તો ભક્ત કોઈક ભાગ્યે વિરલ હોય છે.

□

હરિનો લાલ જે કોઈ હૃદયે હરિને ભજે,
નિરંતરે હૃદે રાખી જીવતો, સ્તવીને, સ્મરે;
‘સતત સોબતી સાચો જીવનનો ખરેખરો’,
એમ હૃદયમાં માની, સંઘરે હરિ દિલ શો !

□

હરિમાં લક્ષ સંપૂર્ણ ધરી પૂરેપૂરું હૃદે,
હરિને ભજીને સેવે પ્રેમભક્તિથી અંતરે;
હરિ વિના ન ચાલે છે, જેનાથી ના જિવાય છે,
એવા કો દોહ્યલા ભક્ત હરિના લાડીલા જ છે.

નિરંતરે ભજે ભાવે હરિને અંતરે ઊંડે,
હૃદે સભાનતા તેને હરિની જીવતી રહે;
જે એકલય સંપૂર્ણ હરિની ભક્તિને વિશે,
વ્હાલો, વ્હાલો હરિ લાગે મધુરો મધુ અંતરે.

□

જેની આરાધના ભક્તિપૂર્વકની પ્રભુની છે,
એકાકાર થતાં તેમાં પૂર્ણ તલ્લીન થાય છે;
ત્યારે સ્વભાવ ને જૂની પ્રકૃતિ બદલાય છે,
શી ત્યારે ભાવના સ્નિગ્ધ રમંતી છે નિરંતરે !

□

જામતાં જામતાં ભાવ પ્રતિષ્ઠા જીવને થતાં,
ભક્તિ પાંગરતી ગાઢ, જીવતી હરિભાવના;
ત્યારે જીવન એ તો છે 'હરિની મૂર્ત ભાવના',
જીવન ભક્ત એવાનું છે પ્રવર્તતું જ્ઞાનમાં.

હરિનો ખ્યાલ જેને છે પળેપળે ખરેખરો,
ધીમો કદીક ને પાછો પ્રચંડ વેગથી ભર્યો,
ને નિરંતરતામાં તો કશો ફેર પડે ન છે,
એવાની હરિભક્તિની દોહ્યલી વાત ઑર છે.
મસ્તીની

□

હરિમાં પ્રેમ જેને છે, તે સૂતો પડી ના રહે,
જેના વિશે ઊંડો પ્રેમ યાદ તરવરે હ્રદે,
પ્રેમ જે અગ્નિના જેવો લાગેલો દિલ હોય જો,
મૂર્તિમંત થતો એવો પ્રેમ સૌ કર્મમાં જ તો.

□

હરિના ભાવમાં નિત્ય નિત્ય જીવવું પ્રેમથી,
એના જેવું બીજું સુખ ક્યાંય બ્રહ્માંડમાં નથી;
હરિના ભાવનો જેને મ્હાવરો નિત્ય નિત્ય છે,
તેને આનંદનો કેવો ભવ્ય સાગર ઊછળે !

હરિના ભક્તને હોય છે સાંસારિક જીવન,
ચિંતા, ફિકર, ઉપાધિ હોવા છતાં, ન સ્પર્શ જ;
ભક્તને કદી ભારેમાં ભારે મુશ્કેલી હો છતાં,
ચિંત્વન ભક્તિમાંથી તે છતાં ના હઠતો કદા.

□

નામના જેટલું મોટું સાધન, બીજું કોઈ ના,
નામીથી નામ મોટું છે, લાગે સાચું ન તે છતાં-
નામથી નામી તો કેવો તે ઓળખાય છે બધે !
તેથી માહાત્મ્ય જાણીને નામનું, નામ લીધું છે.

□

શબ્દ આકાશની સાથે પૂરો શો ઓતપ્રોત છે !
જ્યાં નિરંતરનો શબ્દ થતાં, આકાશ મોખરે;
આકાશ સત્ત્વની સાથે સંકળાયેલ છે હૃદે,
આકાશ મોખરે હોતાં મોખરે સત્ત્વ હોય છે.
સત્ત્વ જ્યાં મોખરે હોય, રજસ્, તમસ ગુણ તે
—ગૌણત્વ પામીને કેવા છાનામાના પડી રહે !
કામક્રોધાદિ, મોહાદિ રજસ્, તમસ આશ્રયે,
ગૌણ થતાં જ કામાદિ આપમેળે શમે જ તે.

અનંતકાળ કેવો તે જાગતાં વહી જાય છે !
કિંતુ જાગ્યા પછી કેવું દોડ્યા જવાનું થાય છે !
થોભવું ત્યાં ઘડીવાર એને પાલવતું ન છે;
કેવી અનંતધારા છે પુરુષાર્થની જીવને !

□

થવું ખુવાર સંપૂર્ણ હરિને કાજ પ્રેમથી,
ભક્તને દિલ તે માત્ર સાચું જીવન ભક્તિથી;
ખુવાર તે થવાકેરો બદલો ઈચ્છતો નથી,
થવું ખુવાર તો કેવું ભક્તને વ્હાલું દિલથી !

□

થતો ખુવાર શો ભક્ત ભલે હો હરિ અર્થ તે !
પોતાને માટ કિંતુ તે, હર્ષે તેમ થતો જ છે;
થયા વિના પૂરેપૂરું ખુવાર સર્વ રીતથી,
થવાય યોગ્ય ના પાત્ર જીવને સાચી ભક્તિથી.
થવું ખુવાર સંપૂર્ણ થવા પાત્ર—શું યજ્ઞ તે !
કોઈક વિરલા એવા થતા ખુવાર, ધન્ય તે.

ધાર્યું મેળવવા માટે થવું પડે ખુવાર તે,
ને ખુવાર થવાવામાં જેને હર્ષ અપાર છે;
થતાં જતાં જ ખુવાર જેને હેતુનું ભાન છે,
તેવા જ માત્ર તો જ્ઞાન ખુવારી થકી મેળવે.

□

ભાવનાથી થતા હો છો જેને માટે ખુવાર તે,
ત્યારે તેમાં ઘટે હોવું ધ્યેય-હેતુનું જ્ઞાન તે;
ખુવારી ના ખુવારી તે, ખુવારી ફળદાયી તે,
ખુવારીમાંથી ફૂટે છે, મર્દાનગી, ખુમારીયે.

□

પડે છે થવું ખુવાર સંસારવ્યવહારમાં,
કિંતુ નિર્બળતા તેથી પ્રગટે જીવને સદા;
ચિંતા, ફિકર, ઉપાધિ, અશાંતિ, ક્લેશ, ઘર્ષણે,
ઊપજે એવું એવું કૈં એવી ખુવારીમાંથી તે;
પરંતુ હરિ અર્થે જે ખુવારી થાય જીવને,
બઢાવે તેવી ખુવારી ગુણ ને ભાવ અંતરે.

ગૂંચ ને વિઘ્ન, મુશ્કેલી જીવને જે મળ્યાં કરે,
હેતુપૂર્વક જ્યાં તેનો સામનો યોગ્ય થાય છે;
સામનો કરવાથી શી શક્તિ જીવનની બઢે !
થતાં સંગ્રામની સામે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે;
વિના સંગ્રામ ક્યાંયે તે કશાનો ના વિકાસ છે,
જ્ઞાનની પ્રાપ્તિને અર્થે સંગ્રામ અનિવાર્ય છે.

□

મહામુશ્કેલ સંસારે શા ભયંકર કોયડા !
ગૂંચ, વિઘ્ન વિશે કેવો અટવાઈ ગયેલ ત્યાં !
हरि શો એકલો ત્યારે કામ લાગી શકે ખરો !
મૈત્રી તેથી हरि સાથે ધારી, સ્તવ્યાં કર્યું ઊંડું.

□

'જેવો તેવો ભલે છો હું, છતાં તારો હું દાસ છું,
સંસારે તું નિભાવી લે', એટલી પ્રાર્થના કરું;
દાસાનુદાસથીયે શો નાચીજ છું બધી રીતે,
સંભાળનારો શો માત્ર મારું શ્રીहरि एक છે !

એકલો, અટૂલો કેવો સંસારે જેનું કોઈ ના !
કૃપાળુ, કરુણાસિંધુ મારો આધાર દિલમાં;
'તારા જે જે થયેલા છે, છોડ્યા તેને કદી ન છે',
ભરોસો પૂર્ણ એવો તે મારે હૈયે વસેલ છે.

□

જેને લગની લાગે છે શ્રીહરિની ઊંડી હૃદે,
તેવા જ એકલા માત્ર શ્રીહરિને વરી શકે;
રસના ઘૂંટડા પીતાં આનંદ શો અપાર છે !
કલ્પનાની ન આ વાત, લખ્યું અનુભવી જ મેં.

□

હરિને ઓળખી પૂરું, હરિને જાણીને હૃદે,
હરિની દિલથી આજ્ઞા પાળવાનો પ્રયત્ન છે;
હુકમ હરિનો છોને ગમે તેવો ભલે હશે,
કિંતુ તે પાળવા માટે, જાનફેસાની યોગ્ય છે.

સ્મરણે, કીર્તને, ભાવે ભજનોથી કરી હૃદે,
પ્રાર્થના કરીને ભાવે નિવેદને, સમર્પણે,
નિદિધ્યાસનથી ઊંડાં એવાં અનેક સાધનો
-કર્યાં જ કરવાથી સૌ, લાગ્યો પ્રેમ હરિતણો.

□

હરિસ્મરણ લેવાથી એનો અભ્યાસ જ્યાં પડ્યો,
રસ અભ્યાસમાં ઊંડો પડવાથી મનાદિ તો
-સ્મરણભાવમાં કેવાં થવા લાગ્યાં જ તલ્લીન !
મનાદિ તો પછી કેવાં રસાયાં છે રસે પદ !

□

અનેક વિઘ્ન, મુશ્કેલી સંસારે શાં મળેલ છે !
ટકી રહ્હેવા મથેલો છું સ્મરી, સ્તવી હરિ હૃદે;
કૃપાથી સામનો સૌનો ટટારીથી થતાં થતાં,
પ્રાર્થના—ભાવ—ઉઠાવ થતો કેવો હતો તદા !
સામનો કરતાં ભાવે શક્તિ અંતરની બઢી,
પથે એવી રીતે અંતે હરિની ભાળ લાગી શી !

એકદમ તો માની તે જાય એવાં મનાદિ ના;
કિંતુ અભ્યાસને ખંતે લીધા કરેલ શો સદા !
જ્યારે અભ્યાસનો રંગ ઊંડો લાગેલ છે હૃદે,
ત્યારે મનાદિએ કેવી માંડેલી માંકડી પદે !

□

ખર્ચતાં ખર્ચતાં મૂડી માનવ જિંદગીતણી
-નકામી વહી જાતી'તી, જાગ્યો તેમ છતાં ન હું;
જીવનનો કશો અર્થ મનાદિએ લહ્યો ન છે,
ઓચિંતી શી કૃપા કેવી વર્ષેલી મૂઢની પરે !
મહત્ત્વ જિંદગીકેરું જેથી દિલ જણાયું છે,
થવા સાફલ્ય સંપૂર્ણ પછી કેવું મથાયું છે !

□

ભવાટવિ વિશે કેવો ભૂલો ક્યારેક હું પડ્યો !
જ્યાં ત્યાં રસ્તો ઘણો શોધ્યો અટવાયો હું તેમ શો !
આશરો પ્રાર્થનાકેરો ત્યારે લીધેલ ભાવથી,
તે ઉપયોગમાં આવ્યો અચાનક કૃપા થકી.

ટકાવવા ભૂમિકાને પરિપક્વ થવા ઊંડી,
જહેમત ઉઠાવી છે મથીને કેટકેટલી !
તપશ્ચર્યા જુદી જુદી અનેક રીતની થઈ,
સૌ સાધન પ્રતાપેથી ભૂમિકા ફળતી ગઈ.

□

વેઠેલો ઉમળકાએ શો પરિશ્રમ કેટલો !
જીવનને થવા ઊર્ધ્વ પુરુષાર્થ થયેલ શો !
ઘડીવારેય જંપીને કદી બેસી રહ્યો ન છું,
સતત એકધારું તે થયેલું મથવાનું શું !

□

પથે કદીક તો કેવો ભારે લાગેલ થાક છે !
છતાંયે ચાલવાનું તો મૂકી દીધેલ ત્યાં ન છે;
કદીક અટવાયો છું, ભટકાયો કદીક હું,
છતાં રસ્તે ચઢાયું છે, ર્‌હેવાતાં મથતાં ખરું.

સતત મથતાં કેવી મને તસ્દી પડેલી છે !
કદીક શો હું કંટાળ્યો ! છતાં ચાલ ન મૂકી છે;
પાછો ઉત્સાહ પ્રેરાવી આદર્શ ઘેલછા લીધે
—પથે ચાલ્યા જવામાં શો જીવંત ટેક દિલ છે !
મંથન કેવું ચાલેલું ઊંડામાં ઊંડું અંતરે !
ચિંધાવીને મથાવ્યો છે સિદ્ધિ મેળવવા પથે.

□

કદીક હું ફસાયો છું, છૂટો થવા મથેલ જે,
કિંતુ ત્યાં જોર ના ચાલે, કળ વાપરી જોયું છે;
હિકમત ન ચાલી છે, બુદ્ધિ હેઠી પડેલ છે,
પ્રાર્થના એકલી ત્યારે સ્હાયે આવી ચઢેલ છે.

□

કદીક લપસાયું છે, નીચે કદી પડેલ છું,
ઊઠતાં ઊઠતાં પાછી વાર શી ત્યાં થયેલ છે !
કમ્મર કસીને, બેઠો ટટાર થઈને પથે,
ચાલતાં ચાલતાં અંતે ઠામે કેવું પડાયું છે !

હાથ હેઠા પડેલા છે કેવા કદીક તો પથે !
નીચું જોવાપણું તેથી મને લાગ્યું ન દિલ છે;
કશી શરમ તેથી તો મને આવેલ કૈં ન છે,
થતા પ્રયત્નમાં મારા જોશ મારું ખૂટ્યું ન છે.
છતાં જ્યારે બનેલું છે અણધારેલ જીવને,
ચિંતા કર્યા વિના તેની, ફરી માંડેલ યત્ન છે.

□

ભૂલથી આડફંટાયો, વાંકુંચૂકું ચલાયું છે,
દિશાચૂક થયેલી છે, વૃત્તિથી તે જણાયું છે;
સીધેસીધું ચલાતું હો ત્યાં છે સદ્‌ભાવ જીવતો,
ભાવનામાં કમીના જ્યાં થતાં, ચેતી જવાતું તો.

□

हरिस्मरण તે માત્ર સાચું જીવન જાણીને,
જીવન તે કમાવાને પાછું વાળી ન જોયું છે;
જુવાનીનો બધો જુસ્સો ખર્ચી નાખેલ સાધને,
જીવતું કરવા હૈયે સ્મરણ, ખર્ચ્યું જોમ છે.

□

હરિઃૐ

# ખંડ ૩ : અનુભવી

(અનુષ્ટુપ)

પ્રભુ વિના ન સંસારે જેને ચાલતું છે જરા,
પળેપળ પ્રભુનામાં રમે ભક્તિથી દિલમાં;
હરિ વિના નિરાધાર તે શો સંપૂર્ણ જીવને !
હરિને તે ન છોડે છે સંસારે પળવારયે.

સંપૂર્ણ હરિના પ્રેમ ભક્તિ ભરેલ જીવને,
આનંદોત્સવ સંસારે નિત્ય નૂતન એહને;
ચિંતા, ફિકર, ઉપાધિ, વિઘ્ન, મુશ્કેલી એહને
-આવતાં, શાંતિથી પૂર્ણ છે ઉકેલાય સર્વ તે.

□

હરિના એકલાનામાં જેનું દિલ રમ્યાં કરે,
હરિના થકી આનંદ નિર્ઝરે શો નિરંતરે !
રમઝટ હૃદે ચાલે જેને હરિની ભાવના,
જેના જીવનમાં માત્ર હરિ શો જીવતો સદા !

□

હરિમાં રસ સંપૂર્ણ જેને નિરંતરે જ છે,
એવાને પછી સંસારે ચિંતા, ફિકર કૈં ન છે;
એકલો માત્ર એનામાં આઠે પ્હોર હરિ રમે,
એવાનું હરિ સૌ ક્ષેમ-યોગ જીવનનું કરે.

જીવતો જાગતો જેને ચેતનાત્મક શો હરિ !
જેમાં તેમાં બધાંનામાં એકધારો ધરે હરિ;
અંધારું છે હરિ વિના જેને સંસારમાં બધું,
તેવાને હરિ કેવો છે કામધેનુ ખરેખરો !

□

જેનાં મનાદિ સંપૂર્ણ હરિનામાં અખંડ છે,
મનાદિ ક્યાંય તે આડાંતેડાં કશે થતાં ન છે;
મનાદિને હરિકેરો નિત્યનો વ્યવસાય છે,
એવો તે એકલો માત્ર હરિનો ભેરુ જીવને.

□

સંસારના બધા જે તે સૌ વ્યવહારને વિશે,
એકલો શ્રીહરિ માત્ર જેને સાંભરતો હૃદે;
હરિને સર્વ પાસાંમાં જુદી જુદી રીતે હૃદે
—નિહાળે છે જુદાં જુદાં સ્વરૂપે મુગ્ધ થૈ ઊંડે.

સંસારે મોહ ને માયા જેને શ્રીહરિમાં જ છે,
જેનો શ્રીહરિ શો માત્ર સંસાર એકલો જ છે !
જેનાં મનાદિ સંપૂર્ણ સતત હરિમાં રમે,
જેનાં મનાદિનો સ્વાર્થ એકલો શ્રીહરિ જ છે;
તેવા કોઈક સદ્‌ભાગી વિરલા, વીર, દુર્લભ
-સાચા પરાક્રમી એવા ભક્તિશૂરા ખરા દિલ.

□

ખરેખરી દિલોજાની દોસ્તી શ્રીહરિ સાથ છે,
એવાના દિલમાં કેવો સોબતે હરિ નિત્ય છે;
સોબત હરિની માત્ર જેને સંસારમાં ખરી,
તેવી સોબતનો કેવો અપરંપાર હર્ષ છે !

□

હરિનામાં બધો જેનો સર્વ સંસાર માત્ર છે,
હરિનામાં બધું જેનું જે તે સર્વસ્વ કાંઈ છે;
હરિ વિના ન ચાલે છે જેને સંસારમાં કશે,
જેનો સંસાર શો માત્ર કીર્તન એકલું હૃદે !

માત્ર આસક્ત સંપૂર્ણ જે છે શ્રીહરિના પદે,
છે મદમસ્ત સંપૂર્ણ વારી જઈ હરિ પરે;
હરિમાં એકધારો છે જીવતો જાગતો હૃદે,
બાંયધરી શી એવાની પોતે શ્રીહરિ આપ છે !

□

હરિને એકનિષ્ઠાથી ભક્તિ ભરેલ ભાવથી,
યાદ શા કરનારા છે કોઈક ભાગ્યશાળી જે !
હરિને દિલ સંભાર્યા વિના જેને ન ફાવશે,
ગુણભાવ ભર્યા એવા વિરલ કોઈ ભક્ત છે.

□

પળેપળ હરિનામાં જેનું ચિત્ત રમે સદા,
હરિ શો એકલો માત્ર જેનું જીવન સર્વદા !
હરિની યાદનો મીઠો સ્વાદ ભોગવવા મળે,
અપાર સુખઆનંદ તેના જેવાં ન ક્યાંય છે.

હરિનું પ્યારું પ્યારું જે સ્મરણ માત્રાથી હૃદે
-જેને અખંડ આનંદ - ભાવના દિલમાં સ્ફુરે;
સૌ વ્યવહાર સંસારે જેનો હૈયે સમાય છે
-માત્ર હરિતણા ભાવે, હરિ સર્વસ્વ તેહને.

□

હરિમાં જીવવું જેનું અખંડાકાર એક છે,
હરિ માત્ર હૃદે જેને એકાકાર થયેલ છે;
હરિ શો એકલો માત્ર જેનો આધાર જીવને !
તેવો તે, હરિના ભક્ત-જ્ઞાનીને આ સમર્થ છે !

□

સ્મરતાં સ્તવતાં ભાવે, ભજંતાં હરિને હૃદે,
લાગે સર્વનું ગૌણત્વ, મોખરે હરિભાવ રહે;
હરિના ભાવમાં, ભાવે જે તે એનું થયા કરે,
સંચાલક, - થતું જે જે તે તેનો હરિ આપ છે.

હરિના ભક્તને ચિંતા કોઈ પ્રકારની ન છે,
શો મસ્તરામ સંપૂર્ણ હરિના ભાવ - ચિંતવને !
રમંતો, મન ખેલંતો નાચંતો હરિ એહમાં;
એનું સર્વસ્વ જે તે કૈં જીવનમાં હરિ સદા.

□

રંગીલો, મોજીલો, મસ્ત, નિજાનંદી પૂરેપૂરો,
સદા આનંદની છોળો પરે છોળો ઊડે ઊડે;
કશાનો ભાર એને ના, ને કારભાર તે બધો
—પોતાને શિર ના એને, સંભાળી લે હરિ બધું.

□

એકવાર થયેલા હો હરિના જો ખરેખરા,
જુસ્સો ને જોમ, ઉત્સાહ વ્યાપેલાં તે જણાય શાં !
ભાવ ને ગુણભંડાર ખુલ્લા જીવનમાં થતા,
હરિની શક્તિનો શો છે, મહિમા તે અપાર ત્યાં !

ભક્તિ લાગ્યા પછીનું જે સ્મરણ દિલ થાય છે,
શો રણકાર તો તેનો હૃદયે સંભળાય છે !
તેવું સ્મરણ ખુમારી, ટટારી મસ્ત અર્પીને,
જીવન ફેરવાવી દે, હરિના દિવ્ય જીવને.

□

સ્મરણ હરિનું ભાવે જ્યારે અખંડ થાય છે,
જીવનની ચમત્કૃતિ તેજસ્વી કેવી થાય છે !
શું ઝળકતું સૌંદર્ય ઝળકે ઑર તે સમે !
જીવનની બલિહારી તેવા કાળની ઑર છે.

□

જે નિરંતરનો ભાવ શું શું જીવનમાં કરે !
અજાણ્યાને કશી તેની ના ગતાગમ કૈં પડે;
હરિનો ભક્ત તો તેથી ન્યાલ શો થઈ જાય છે !
ઉછાળા હર્ષના કેવા કહીંના કહીં ઊછળે !

હરિમાં પ્રેમભક્તિ છે ચેતનાત્મક જીવને,
નિર્ભય, પૂર્ણ નિશ્ચિત, જીવને સૌ પ્રકાર તે;
ભરોસો પૂર્ણમાં પૂર્ણ એને શો શ્રીહરિ પરે !
જીવને એકલાને તે પ્રીછે ને ઓળખે હૃદે.

□

હરિની યાદગીરીમાં જીવન જે રસાયું છે,
જીવનની ખુશાલીનો શો હર્ષોન્માદ મુક્ત છે !
મનાદિ વળી ઇંદ્રિયો, મૂકી લોલુપતા બધી
—હરિ સભાનતા વિશે શી મશગૂલ તે બધી !

□

હરિના ભક્તમાં કોઈ વાતે ના અધૂરાપણું;
સભાનતાતણો કેવો તે મૂર્તિમંત પ્રાણ છે !
માનવું, જાણવાનું કૈં એને દિલ રહેતું ના,
સ્વયંભૂ પ્રેરણાથી તે જાણી લેતા જ હોય ત્યાં.

હરિ શો એકલો માત્ર જેનો આધાર જીવને !
અખંડિત પૂરેપૂરો હરિમાં તે જીવંત છે;
આધારની બધી જે તે પ્રક્રિયા હરિને લીધે
-ચાલતી હોય છે કેવી ભૂલચૂક વિના ખરે !

□

હરિનામાં જીવે છે જે એકધારો નિરંતરે,
ગમે તેવું થતાં તોયે તેનું સમત્વ મસ્ત છે;
જીવદશાની રીતે કૈં એવાનું ઊંધું થાય છે,
કિંતુ કારણ તેમાંયે અગમ્ય કોઈ હોય છે.
ગ્રહણ સૂર્યને થાતાં ઝંખવાણો શું થાય તે !
કિંતુ તે ખાલી દેખાય પૃથ્વીના માત્ર લોકને,
મૂળમાં સૂર્ય તો જેવો ને તેવો નિત્ય હોય છે;
એવું જીવન સંપૂર્ણ અનુભવીનું નિત્ય છે.

□

કોઈ શરમ, સંકોચ, મર્યાદા ભક્તને ન છે,
છતાં સંયમ, વિવેક, નીતિ, નિયમ સર્વ છે;
બેતમા સાવ સંપૂર્ણ, છતાં તમાથી યુક્ત છે,
નિઃસ્પૃહી સાવ શો ! સાથે સ્પૃહાવાળો છતાંય તે.

હરિના ભક્તને લજ્જા કોઈ પ્રકારની ન છે,
છતાં નિર્લજ્જ ના તે છે; વિવેકી સૌ પ્રકાર તે;
એના જેવો બીજો નગ્ન ક્યાંય જોવા મળે ન છે,
છતાં પાછો શું સંપૂર્ણ ડાહ્યો, સમજણો જ તે !

□

સૌ વ્યવહાર ભૌતિક એના સંસારમાંહી જે,
માત્ર સંસારી દૃષ્ટિએ અઠીક શા કઢીક છે !
ડહાપણ છતાં તેમાં ભરેલું ભરપૂર છે,
કોઈ ભાવુકને એની સાચી સમજ હોય છે.

□

હરિના ભક્તનો કેવો સંસાર જુદી જાતનો !
છતાં જુદો ન લાગે તે, છતાં છે હેતુ ઑર શો !
એને પરંપરા કોઈ વિચારોની ન અંતરે;
સ્વયંસ્ફુરિત ઓચિંતી પ્રેરણા,—એનું વર્તન.

હરિમાં સંકળાયેલો ભાવનાથી પળેપળ,
હરિનો ભાવ તેનામાં જીવતો છે નિરંતર;
હરિના ભાવની જ્યારે પ્રતિષ્ઠા થઈ હોય છે,
હરિના ગુણ ને ભાવ એના જીવન ઊગશે.

□

હરિનું સર્વ સામર્થ્ય, હરિની શક્તિ સર્વ જે,
હરિના ભક્તમાં તે તે પ્રેરાયેલાં રહે જ છે;
હરિના ભક્તના જેવો બીજો કોઈ ન મર્દ છે,
હરિના ભક્તના જેવી હિંમત કોઈની ન છે.
હરિનો ભક્ત નિમિત્તે મારે તે ભૂસકો જ શો !
ફનાગીરી શી સંપૂર્ણ હરિભક્તની ઑર છે !

□

સંપૂર્ણ ગુણ-ઐશ્વર્ય, સંપૂર્ણ ભાવ-જીવન
-હરિના ભક્તમાં ખીલે, ઓછો તે છે કશાથી ન;
હરિના ભક્તને કોઈ માથે જવાબદારી ના !
છતાં બોજા વિનાની શી એની જવાબદારી ત્યાં !

બોલેલા એકવારે જો તો બંધાયેલ નિશ્ચયે,
બોલેલા બોલથી કોઈ દી પાછા ના વળાય છે;
હરિ માથે ન ઠોકી કૈં બેસાડે છે કશું ન તે,
જબરજસ્તી ના એની, છૂટા કેવા મૂકેલ છે !

□

જેમાં તેમાં બધે જેને સભાનતા હરિની છે,
હરિ શો એકલો ત્યારે એનું અસ્તિત્વ માત્ર છે !
જે તે બધું કરંતો હો છતાં તેમાંય માત્ર છે
-એકલો હરિ સર્વત્ર એના જીવનને વિશે.

□

હૈયામાં સ્વાદ લાગ્યો છે મનાદિને હરિપદે,
ત્યારે કેવાં રસાસ્વાદે ડૂબેલાં તે રહ્યાં કરે !
પળવાર હરિનાથી વેગળાં પછી ના રહે,
એવી તે હરિભક્તિની વાત ન્યારી શી ઓર છે !

અમારે માનવાનું ના, અમારે જાણવાનું ના,
વળી સમજવાનું ના, કશું છે ગણવાનું ના;
અમારે એકલું માત્ર તે અનુભવવાનું છે,
અને તે માટ તો કેવો પુરુષાર્થ કરેલ છે !

□

હરિ સર્વસ્વ પોતાનું જે ગણો તે બધુંય છે,
દીધાથી દિલ સંતોષ  હરિ ત્રૂઠ્યે મળેલ છે;
હરિ જો છે, બધું તો છે, હરિ ના, તો કશું ન છે,
અસ્તિત્વ હરિનાથી સૌ જીવન સર્વનું જ છે.

□

હરિ માથે શું ગર્જંતો ! તેની જબરી ઓથ છે,
હરિના બળથી ગાજું, હરિનાથી રળાય છે;
મળે જે તે, ન ધારેલું, તે તે બધું હરિથી છે,
હરિ જીવનમાં તેથી અમારો શાહુકાર છે.

બધું જીવનનું ચાલે જે તે કંઈ હરિ વડે,
હરિ વિના અમારે તો ચાલે ના પળવારયે;
હરિનો પૂર્ણ આધાર રોમરોમે ખરેખરો,
શો રણકાર તો એનો ટકોરાબંધ વાગતો !

□

પદે આળોટવું કેવું છે ઉન્માદક અંતરે !
તેને તો ચાહતાં કેવો નશો હૃદયમાં ચઢે !
રોમેરોમ ઊઠે નાચી, રગેરગ ખુમારી જે
-અવર્ણનીય કેવીયે ચગે જીવનમાં મને !

□

હરિની પ્રેમભક્તિમાં હંમેશાં મશગૂલ છે,
સભાનતા હરિકેરી જેને હૈયે જીવંત છે.
સૌ વ્યવહાર ચાલે છે હરિને દિલ ધારીને,
હરિની ભાવના માત્ર જેનો સંસાર એક છે.

માત્ર આ કલ્પનાથી મેં કશું નથી લખ્યું જરા,
જે રીતે હું જીવેલો છું, ને જેવાં સાધનો થયાં;
ને મેં અનુભવ્યું જેમ, ને પામ્યો સાર જે હ્દે,
તે પ્રમાણે લખેલું આ, અક્ષરશઃ જ સાચું છે.

□

પકડે બાંય જેની તે, તેને કદી ન છોડી દે,
સંકટમાં પડંતાં જ્યાં સાદ, શો તુર્ત સ્હાય દે !
'ભક્તની વ્હારમાં ધાવું', જેનું બિરુદ છે ભલું,
एवाने દિલમાં ઊંડું નિરંતરે સ્મર્યા કર્યું.

□

રક્ષણહાર સંસારે સમર્થ हरि મુજ શો !
અનેકે વાર સાબિતી જીવનમાં મળેલ છે;
આત્મવિશ્વાસ સંપૂર્ણ થયો તેથી જીવંત તે,
હવે તો શો हरि માત્ર ! અવલંબન મારું છે.

શો રાહબર સંસારે હરિ જેવો ન કોઈયે,
હરિને શરણે તેથી કૃપાથી તો જવાયું છે;
પાદ-પદ્મે જતાં એને મુશ્કેલી શી વટાવી છે !
તે ઈતિહાસની ગાથા રસિક, રમણીય છે.

□

હરિ જેવો સગો બીજો ખરેખરો ન કોઈ છે,
હરિને સ્તવતાં હૈયે આનંદનો ન પાર છે;
હરિનો સર્વ સંસાર, હરિથી વ્યક્ત, મૂળ તે,
સંસારનાં થતાં કર્મે હરિ શો મોખરે જ છે !

□

હરિનું કહ્યું જે તે કૈં જાનની પરવા વિના,
-કર્યાં તે કરવા વિશે શો મશગૂલ દિલમાં !
'કેમ તે કરી વેગે શેં સંપૂર્ણ થઈ જાય જે',
એવી વિચારમાળામાં વલોવાતું જ દિલ છે.

છે સૂબેદાર મારો શો ! માત્ર સંસારમાં જ તે,
એના હુકમની રીતે જીવને વર્તવાનું છે;
સંકલ્પ ને વિકલ્પોને વિચાર, વૃત્તિને કશે
-સ્થાન હુકમમાં ના છે, સ્વયંપ્રેરિત દિલ છે.

□

ચાલે ના બુદ્ધિના તુક્કા કદી હુકમપાલને,
ચલાવ્યે વ્યર્થ શો જાય હુકમ જે મળેલ છે !
કલ્યાણાર્થ મળેલો છે નિશ્ચે હુકમ જાણવો,
હરિ સન્મુખ રાખીને પાળ્યો હુકમ છે સદા.

□

હરિભાવ બઢે એવો અભ્યાસ શો કર્યાં કરી !
તે નિરંતરનો ભાવ બઢંતાં, દિલ ભાવથી
-નાચ્યાં કેવું કરેલું છે ! બઢ્યો ઉન્માદ પ્રેમથી,
ભાવનો હર્ષ- ઉન્માદ ફૂટ્યો સીમા વટાવી શી !

જામતાં જામતાં ભાવ અભ્યાસ-કાળ કેટલો
-વહી ગયો, છતાં છોડ્યો એને કેમે ન તે કર્યો.
સતત એકધારો ને એકીટશે પૂરેપૂરો
-રહેતાં વળગી ભાવે, અંતે પાદ ઠરાયું છે.

□

ઢંગધડા વિનાનો ને જેનું ઠેકાણું કૈં ન છે,
નમાલો સાવ દેખાતો, જેમાં પાણી કશું ન છે,
એવાએ શાં છતાં કેવાં અભ્યાસ, ત્યાગ ને તપ
-તપશ્ચર્યાદિ ભાવેથી ગહન, ગૂઢ સાધન
-કેવી કઠણાશ વેઠીને, કરેલાં ગૂઢ રીતિએ !
કોઈયે તે ન જાણે છે, કૃપાની મ્હેરબાની તે.

□

કાળ એળે ગુમાવ્યો ના, કૈંક ને કૈંક કામ તો
-કર્યા કર્યું ઊંડા ભાવે, રત અભ્યાસમાં રહી,
લ્હે, લગની ઊંડી ઊંડી લાગેલી જે કૃપા વડે,
એણે મને મથાવી શો પાડ્યો પ્રકાશ અંતરે !

માનવી - જીવને યોગ હરિસ્મરણનો થયો,
એના જેવું બીજું મોટું કોઈ સદ્‌ભાગ્ય ક્યાંય તો ?
સ્મરણ - સાધનાભ્યાસે બીજાં સાધન જે મળ્યાં,
સાધના શી થઈ તેથી, એ તો શ્રીહરિની કૃપા !

□

થવા કૃતાર્થ સંપૂર્ણ કેવી માનવતા મળી !
કૃપા એ તો હરિની કે મળ્યું સમજવા વળી;
પ્રકૃતિથી થતાં ઊર્ધ્વે કેવું ફેણ પડેલ છે !
કિંતુ તેના જ અર્થે જે અભ્યાસ-રસ અંતરે
-લાગ્યો હોવાથી સંપૂર્ણ, ઊર્ધ્વે તેથી વળાયું છે;
વળાતાં રસથી ત્યારે જંપેલાં શાં મનાદિ છે !

□

હૃદે સંભારવો ભાવે વ્હાલું વ્હાલું જ લાગતું;
હરિ
હવે સંભારવાનું તો સ્વાભાવિક બન્યું જ શું !
સભાનતા ઊંડી ઊંડી આધારે પ્રસરેલ છે,
'જીવન', 'હરિ' બંનેયે એકાકાર થયેલ છે.

હરિમાં જામી સંપૂર્ણ જીવવું, ધન્યભાગ્ય તે;
'જીવન' -હરિનો ભાવ, એવું ભાગ્યે જ કોઈ છે;
ફનાગીરી વહોરી લે સ્વેચ્છાએ હરિ અર્થ તે,
ભક્ત પરાક્રમી વીર હરિ અર્થે જ તે જીવે.

□

હરિ વિના બીજું મારે સંસારે જોઈતું ન છે,
હરિ જો મુજ સંગાથે સર્વસ્વ તો મળેલ છે;
હરિનો આશરો મોટો બધાંમાં ખપ લાગતો,
હરિનો જે થતો, તેને હરિ જોઈતું આપતો.

□

ખેલતાં ખેલતાં ભારે સામે સંગ્રામ જે મળ્યા,
ધરી મર્દાનગી, ભારે સામનો શો કરેલ ત્યાં !
જબરજસ્ત હું ખેલ્યો માથું વેગળું મૂકીને,
તેમાંથી છતી થૈ શક્તિ, કમાયો કેટલુંક જે.

□

હરિઃૐ

# ખંડ ૪ : ભાવ અને ભગવાન

(અનુષ્ટુપ)

સૂત્રધાર હરિ જેવો સંસારે કો' બીજો ન છે,
ભજતાં ભજતાં ભાવે જેને ઉન્માદ થાય છે;
હરિ સંભારતાં જેને હર્ષાનંદ અપાર છે,
તેવાને હરિ પોતાનો કરીને નિત્ય પાળશે.

સર્વ બ્રહ્માંડમાં જેનું અસ્તિત્વ આરપાર છે,
જેના આધારથી કેવું સૌ બ્રહ્માંડ નભે, ટકે !
હરિ શો સર્વનું મૂળ ! જે તે જીવે હરિ હૂંફે,
વિશ્રાંતિ સર્વની કેવી માત્ર છે હરિને વિશે !

□

હરિ શો એકલો એવો ઉદાર ને વિશાળ છે !
કોઈનાં પાપ ને પુણ્ય હરિ જોતો કદી ન છે.
હરિને જે ભજે ભાવે નિરંતરે નિજ અંતરે,
હરિ તેને રસાવે છે નિજના રસથી ખરે.

□

હરિનો આશરો મોટો કામ લાગે ખરેખરો,
અણીટાણે હરિ હર્ષે તત્પર શો ઊભો જ છે !
હરિનામાં પૂરેપૂરો વિશ્વાસ શો જીવંત છે !
હરિ તે શો જીવે માત્ર, જીવે છે હરિ કાજ તે,
હરિની સ્‌હાયની તોલે કો'ની સ્‌હાય ન ક્યાંય છે,
આધાર હરિના જેવો કોઈનો ક્યાંય ના મળે;
પાર સોંસરવું કોઈ કઢાવે એવું હોય જો,
એકલો માત્ર તે માટે સમર્થ શો હરિ જ છે !

હરિના એકલાકેરો નાદ શો કાનમાં રમે !
વળી સમગ્ર આધારે હરિની ભાવના ઠરે.
હરિ શો એકલો માત્ર છે, શિરછત્ર જીવને !
તડકેછાંયડે તૃપ્તિ માત્ર શી હરિથી મળે !

□

હરિ ના કલ્પના માત્ર, હરિ માત્ર ન ધારણા,
સ્વયંભૂ હરિ પ્રત્યક્ષ, હરિ ના માત્ર ભાવના;
શો નિરાકાર, સાકાર હરિ છે જ્ઞાની ભક્તને !
જીવન સર્વ તેવાનું શ્રીહરિમય નિત્ય છે.

□

પ્રત્યક્ષ હરિના જેવી જીવતી કોઈ શક્તિ ના,
કલ્પનાની શી તે માત્ર હકીકત કદાપિ ના !
જીવતી જાગતી કેવી આવે તે ઉપયોગમાં !
ભક્ત ને જ્ઞાની, યોગીને આ હકીકત જાણમાં.

જીવતાં જાગતાં જેને જેમાં તેમાં બધાં વિશે
-શી તરવરતી ભાવે હરિની યાદ મોખરે !
હરિની યાદમાં જેને જીવવાનું હંમેશ છે,
અસ્તિત્વ માત્ર એવાના થકી, ભાવ જીવંત છે.

□

एનું વચન આપેલું કદી મિથ્યા જતું નથી,
બોલેલું પાળવાવાળો હરિ જેવો બીજો નથી;
કરેલું વ્હાલ હૈયાથી હરિને ખૂબ પ્રેમથી,
બદલો વ્હાલ એવાનો આપી દેતો જ શ્રીહરિ.

□

માગતાં પાણી તો દૂધ મળે, એવો હરિ જ છે,
પ્રસન્નતા મળી જેને હરિની, ધન્ય જીવ તે;
'કોઈ વાતે પડે ઓછું સંસારવ્યવહારમાં
-હરિના ભક્તને ક્યાંયે ના કશું', ભાવ તે જ ત્યાં.

રીત સંભાળવાકેરી હરિની જુદી જુદી છે,
એકબીજાંની સંગાથે સરખાવાય છે ન જે;
'દેખીતી રીતના એવા થતા અન્યાયમાં જગે
-સમાયેલું રહ્યું હિત'; પ્રીછતું એવું કોણ તે ?

□

કોઈકને દુઃખો-દર્દે પીડાયેલ રાખતો,
પૂર્ણ એશઆરામે કોઈકને શું રાખતો !
કોઈકને ગરીબીમાં પીડાયેલ જ રાખતો,
પરિસ્થિતિ છતાં તેવી-માં અન્યાય કંઈ ન છે !

□

હરિ જે કૈં કરે તેનો તોળાતો ન્યાય ના કદી,
ન્યાય અન્યાયનાં માપ હોતાં એની કને નથી;
ન્યાય અન્યાય એ તો છે પ્રકૃતિનાં જ ધોરણ,
પ્રકૃતિનો અને એનો નોખો શો ગુણધર્મ છે !

ખેલાડી હરિના જેવો બીજો એવો મળે ન છે,
સર્જનહાર જે, તેનો હરિ શો એકમાત્ર છે !
અસ્તિત્વ સર્વનું, તેના મૂળમાં શ્રીહરિ જ છે;
ના વર્ણવાય કોઈથી શ્રીહરિ કોઈયે રીતે.

□

કહેવત પડેલી કે 'ધાર્યું ધણીનું થાય છે',
થવું કે ના થવું તેનાં કારણો શાં અનેક છે !
લેવાદેવા કશા સાથે શ્રીહરિને જરા ન છે,
છતાં શો ભક્તને માટે દેતો પાથરી પ્રાણ તે !

□

સમર્પણ, ફનાગીરી, ઝિંદાદિલી, ખુમારી જે
-શી મર્દાનગી, ને ધૈર્ય, સાહસ, હામ, ખંત ને
-ઉદ્યમ આદિ ગુણો સૌ ખીલે સહજમેળથી;
એવો પ્રતાપ શો શ્રેષ્ઠ ભાવનાનો ખરો સહી !

એકમાત્ર હરિ કેવો સંસારે તે સમર્થ છે !
એકલો આશરો માત્ર શ્રીહરિનો ખરો જગે;
બીજા જે આશરા, ખાલી, યોગ્ય કાળે, સમે ખરે
-યોગ્ય સંતોષ સંપૂર્ણ કામ આપી શકે ન તે.

□

હરિ હિસાબ પાકો લે, કશી ના છૂટછાટ છે,
બધો મેળ મળ્યા વિના છૂટકો ના થતો જ છે;
હરિ જેવો બીજો શેઠ વ્યવસ્થા, ચીવટાઈમાં
-છે હોશિયાર ના કોઈ, એવો શો ધણી શિર ત્યાં !

□

પ્રેમ જો છે ઊંડો હૈયે, ખાલી ખાલી જ તે કદી
-પડી તે એમનો એમ ના રહે ક્ષણ કોઈ દી;
પ્રેમ તો જોતરાવે છે પ્રેમના કર્મને વિશે,
પ્રેમ પોતાનું કર્તવ્ય કરાવ્યા વિણ ના ચૂકે.

પ્રેમને આળપંપાળ જીવને કોઈ જાતની
-નકામી ક્યાંય હોતી ના, જીવે તે માત્ર ભાવથી;
શો મશગૂલ તે નિત્ય જીવન-કર્મને વિશે !
પ્રેમની વ્યાપ્તતાકેરી વિશાળતા અનંત છે.

□

સહજ તપ ને ત્યાગ, તપશ્ચર્યા શી દિલ જે !
પ્રેમના ભાવમાં કેવાં ઓતપ્રોત રહેલ છે !
પ્રેમ સર્વ કરી જાણે, એને મુશ્કેલ કૈં ન છે,
પર્વતોને કૂદી જાણે, શો એવો તે સમર્થ છે !

□

પડે છો એકમાં પ્રેમ, છતાં એને ન મોહ છે,
પ્રેમ ને મોહને કેવું બાર ગાઉનું છેટું છે !
જેમાં તેમાં બધાંમાંયે પ્રેમને નિજ વાસ છે,
પ્રેમને પ્રેમ વિનાનું ક્યાંય અસ્તિત્વ કૈં ન છે.

હરિની ભક્તિથી પ્રેમતણું બેસણું ઉચ્ચ છે,
હરિમાં રાચીરાચીને હરિમાં દિલ જેનું છે;
એકાકાર પૂરેપૂરો જેનો આધાર ભાવમાં,
ત્યારે જ ઊર્ધ્વ કક્ષાનો પ્રેમ મોરે જ દિલમાં.
ફોરે જ

□

પ્રેમના ભાવની પાંખ જબરજસ્ત હોય છે,
આકાશગામિની કેવી ! આકાશે તે સદા રમે;
પ્રેમ અવતરે નીચે, છતાં સ્વભાવ નિજનો
-કાયમ જીવતો એવો ને એવો તે સ્વયંભૂ શો !

□

ભાવનો ચમકારો તો કેવો દેદીપ્યમાન હા !
સમુચ્ચય ગુણોનો શો પ્રવર્તેલ જ ભાવમાં !
ગુણ વિના કદીયે ના ભાવ-અસ્તિત્વ હોય છે,
ઉચ્ચમાં ઉચ્ચ તે ભાવે ગુણ શૂન્યત્વમાં વસે.

અનંતાનંત બ્રહ્માંડ હરિ વ્યાપ્ત અનંત છે,
હરિ વિનાનું અસ્તિત્વ કોઈનુંયે ન ક્યાંય છે;
સર્વત્ર પ્રસરેલો છે, છતાં આશ્ચર્ય કેવું કે,
ક્યાંય તે નવ વર્તાયે ! ના અસ્તિત્વ જણાય છે.

□

હરિનાં નયનો કેવાં અનંતાનંત વ્યાપ્ત છે !
ને તેનાથીય છે પાર, છેડો જેનો ન ક્યાંય છે;
એવા હરિની ભક્તિનો મહિમા અપરંપાર છે,
તેથી જ હરિનો ભક્ત માનવાતીત હોય છે.

□

તે ખેલદિલીવાળો શો ઉદાર ને વિશાળ છે !
પાછો તેવો ન તે પોતે, પોતે કશું જ કૈં ન છે;
પાપ ને પુણ્ય કોઈનું કદી જોતો જ તે નથી,
પોતે હોવા છતાં કેવો અસ્તિત્વે, તે છતાં નથી.
શૂન્યમાં શૂન્ય શો પોતે ! પાછો તેવોય તે ન છે;
કેમ આલેખવો તેને મહામુશ્કેલ પ્રશ્ન તે !

અનાદિ, આદિ ને પાછો અનંતાનંત પાર છે,
મનાદિ-પકડે ના'વે, કલ્પનાતીત રૂપ તે;
દ્વંદ્વાતીત, ગુણાતીત, ભલે છો શાસ્ત્રમાં કહ્યો,
મર્યાદામાં પુરાઈ તે રહે, એવો ન છે ખરો.

□

હરિની યાદગીરીથી પુષ્પ જીવનમાં ઊગે,
નૂતન તાજગી, ઉષ્મા, કેવાં પ્રેરાય જીવને !
હરિની યાદથી કેવું મ્હેકે ચોપાસ જીવન !
હરિની યાદ ફેલાવે પ્રેમામૃતનું સિંચન.

□

હરિની યાદથી કેવાં મઝા, આનંદ ઓર છે !
હરિની યાદથી મોજાં ઘોડાપૂર જ ઊછળે;
હરિની યાદ પ્રેરાવે જીવને નવજીવન,
હરિની યાદ જન્માવે જીવને દિવ્ય જીવન.

જીવતો જાગતો एना જેવો બીજો ન કોઈ છે,
પ્રત્યક્ષ તે પુરાવો દે એવી હાજરી एनी છે;
ए આપે જેટલું, તેવું તેટલું કો ન દૈ શકે,
સર્વ બ્રહ્માંડ જિવાડે પ્રત્યક્ષ, તોય સૂક્ષ્મ છે.

□

ચેતનાત્મક પ્રત્યક્ષ એના જેવો ન કોઈ છે,
જેમાં તેમાં બધાંમાં શી एनी હાજરી ખાસ છે;
एना વિના ન જીવે છે કોઈયે પણ વિશ્વમાં,
એવો શો हरि તે માત્ર જીવન સર્વનું સદા !

□

જીવનમાં સહારો તો हरि જેવો ન કોઈનો,
हरि જેવો બીજો કોઈ આપી શકે ન સાથ તો;
જીવનમાં हरिની શી પ્રાણપ્રેરક ઓથ છે !
જીવનનો हरि માત્ર ધણીધોરી સમર્થ છે.

કોઈ ખુવાર સંપૂર્ણ હરિ કાજ થયેલ છે,
છતાંયે તેની સામુંયે હરિ જોતો કદી ન છે;
સમજણ હરિકેરી, મુનસફી શી એની જે !
ગણતરી
ન્યારા કોઈ પ્રકારે તે જેને ના સમજાય છે.

□

ભક્તિ એકલી માત્ર સંસારે તારનારી છે,
'હરિસ્મૃતિ થતાં કર્મે ટકે જીવતી', ભક્તિ તે;
જીવભાવ ન ભક્તિમાં, ભક્તિમાં ભાવ મુખ્ય છે,
નિરંતરતણા ભાવે પ્રકૃતિનો ન અંશ છે.

□

સંસારમાં નર્યા રાચી રહેવાથી પૂરેપૂરા,
પ્રવેશ ભક્તિમાં થાય જીવનમાં કદીય ના;
ભલે સંસારમાં છો હો, કિંતુ મન હરિ વિશે
-પૂર્ણ કેંદ્રિત, એકાગ્ર હોતાં, તો ભક્તિમાં ટકો.

ભક્તિ સંસારમાં જેને પૂરી પચી ગયેલ છે,
શી ટટારી, જવાંમર્દી, તેની મર્દાનગી જ છે !
ગુણભાવથી સંસાર શો ભરપૂર તેહનો !
એવી ભક્તિથી સંસાર નિશ્ચે તરી જવાય શો !

□

हरिस्मरण સંસારે નમાલા ના થવા જ દે,
हरिस्मरण સંસારે ટટારી પ્રગટાવી દે;
हरिस्मरण સંસાર ચલાવે ગુણભાવથી,
हरिस्मरण સંસારે પ્રેરે ખુમારી શક્તિની.

□

સમસ્યા, ગૂંચ, મુશ્કેલી, વિઘ્ન, પ્રશ્ન, ઉપાધિ ને
-ચિંતા, ફિકર—એ સૌને ભક્તિ ઓગાળી નાખશે;
શુદ્ધ જીવનને પૂરું શી કરનારી ભક્તિ છે !
ભક્તિ જીવનની સાચી યોગ્ય કસોટીરૂપ છે.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.
મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.
સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.
મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.
જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.
મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

-શ્રીમોટા

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

